પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭● અંક : ૧૪૬● કુલ પાના : ૪● તારીખ : ૧૪-૦૨-૨૦૨૪ બુધવાર ●કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# દિલ્હીની સરહદો પર ભારે બબાલ ખેડૂતોને રોકવા માટે ટીયર ગેસના સેલ છોડાયા, લાલ કિલ્લો બંધ

નવીદિલ્હી,

ખેડૂત આંદોલનને લઈને ફરી એકવાર દિલ્હીને ઘેરવાની ખેડૂતોએ તૈયારી કરી લીધી છે. પંજાબ-હરિયાણાની સાથે અન્ય ઘણા રાજ્યોના ખેડૂતો દિલ્હી કૂચ કરવાની તૈયારી કરી રહ્યા છે. જો કે, ખેડૂતોએ તેનું નામ 'ચલો દિલ્હી માર્ચ' રાખ્યું છે, પરંતુ તેને કિસાન આંદોલન ૨.૦ પણ કહેવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં આ ખેડૂતોના આંદોલનની પેટર્ન ૨૦૨૦-૨૦૨૧ના ખેડૂતોના આંદોલન જેવી જ છે. ગત વખતની જેમ આ આંદોલનમાં પણ વિવિધ રાજ્યોના ખેડૂતો જોડાઈ રહ્યા છે. ખેડૂત આંદોલનને ધ્યાનમાં રાખીને દિલ્હી અને હરિયાણામાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. દિલ્હીની ત્રણ મુખ્ય સરહદો સિંઘુ, ટિકરી અને ગાઝીપુર પર લોખંડ



અને કોંક્રીટના બેરિકેડ લગાવવામાં આવ્યા છે. કાંટાળા તાર, કન્ટેનર અને ડમ્પરો લગાવીને રસ્તાઓ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. એટલું જ નહીં સુરક્ષાના કારણોસર દિલ્હીના બે મેટ્રો સ્ટેશનના દરવાજા પણ બંધ કરી દેવામાં આવ્યા છે. તેમજ દિલ્હી-નોઈડાના સરહદી વિસ્તારોની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે.ખેડૂત આંદોલનને લઈને સોમવારે ચંદીગઢમાં ત્રણ કેન્દ્રીય મંત્રીઓ અને ખેડૂત નેતાઓ વચ્ચે એક મહત્વપૂર્ણ બીજા રાઉન્ડની બેઠક યોજાઈ હતી. સૂત્રોનું કહેવું છે કે આ બેઠકમાં ઘણા મુદ્દાઓ પર સહમતિ સધાઈ હોવાનું માનવામાં આવતું હતું. પરંતુ કેટલાક મહત્વના મુદ્દા અનિર્ણિત રહેતા ખેડૂતોએ ૨૫૦૦ ટ્રેક્ટર સાથે દિલ્હીને ઘેરવાની તૈયારીઓ કરી હતી ખેડૂતો આજે સવારે ૧૦ વાગે દિલ્હી તરફ કૂચ કરી હતી

જોકે શંભુ બોર્ડર પર પોલીસ પર પથ્થરમારો કરાયો હતો. જો કે સૂત્રોના જણાવ્યા અનુસાર તેઓ ખેડૂતો નથી. ખેડૂતોની આડમાં કેટલાક તોફાની તત્વો ભીડમાં ઘુસી ગયા છે અને વાતાવરણ બગાડી રહ્યા છે. જો કે હાલ શંભુ બોર્ડર પર સ્થિતિ તંગ બની ગઈ હતી ખેડૂતોને રોકવા માટે પોલીસે હળવો બળ પ્રયોગ કર્યો છે. શંભુ બોર્ડર પર એકઠા થયેલા ખેડૂતોને વિખરાઈ જવા પોલીસે વારંવાર અપીલ કરી હતી. પરંતુ પોલીસની અપીલને ના ગણકારીને ખેડૂતો મોટી સંખ્યામાં શંભુ બોર્ડર પર એકઠા થયા હતા. ખેડૂતોની દિલ્હી કૂચને અટકાવવા માટે પોલીસે બેરીકેડ મુક્યા હતા પરંતુ તેની કોઈ અસર વર્તાઈ નહોતી. આથી પોલીસે આખરે ટીયર ગેસના સેલ છોડીને એકઠા થયેલા ખેડૂતોને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો. હરિયાણા પંજાબ શંભુ બોર્ડર પર ડ્રોનની મદદથી ખેડૂતોને વેર વિખેર કરવા માટે પોલીસે ટીયર ગેસના સેલ છોડયા હતાં શંભુ બોર્ડર પર પોલીસ પર પથ્થરમારો કરાયો હતો. જો કે સૂત્રોના જણાવ્યા અનુસાર તેઓ ખેડૂતો નથી. ખેડૂતોની આડમાં કેટલાક તોફાની તત્વો ભીડમાં ઘુસી ગયા છે અને વાતાવરણ બગાડી ગયું હતું

આ પ્રદર્શનને જોતા દિલ્હી બોર્ડરને સીલ કરવામાં આવી છે. ભારે સંખ્યામાં પોલીસકર્મીઓની તૈનાતી કરાઈ છે. ખેડૂતો જ્યાંથી આવી શકે તે તમામ એન્ટ્રી પોઈન્ટ પર ચુસ્ત સુરક્ષા કરાઈ છે. સિંધુ બોર્ડર, ગાઝીપુર, ટિકરી, ચિલ્લા બોર્ડર, કાલિંદી કૂંજ-ડીએનડી-નોઈડા બોર્ડર પર ભીડ ભેગી થવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો દિલ્હી, યુપી અને હરિયાણાની પોલીસે સુરક્ષા વધારી દીધી છે. આ એન્ટ્રી પોઈન્ટ પર રોડ રોલર, ક્રેન, જેસીબી, અને કાંટાળા તાર મૂકાયા છે. ખેડૂતોની એન્ટ્રી રોકવા માટે દિલ્હી પોલીસની સાથે સાથે ભારે સંખ્યામાં અર્ધસૈનિક દળોની તૈનાતી કરાઈ છે. પોલીસે નક્કી કર્યું છે કે કોઈ પણ સંજોગોમાં ખેડૂતોને ટ્રેક્ટર બસ અને બીજા વાહનોથી દિલ્હીમાં ઘૂસવા દેવામાં નહીં આવે.

દિલ્હી સરકારે કહ્યું છે કે ખેડૂતોની માંગ વાજબી છે. દરેક નાગરિકને બંધારણ હેઠળ શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાનો અધિકાર છે. ખેડૂતો આ દેશના અન્નદાતા છે. અન્નદાતાને જેલમાં ધકેલી દેવાની વાત ખોટી છે. બવાના સ્ટેડિયમને જેલમાં પરિવર્તિત કરવાની પરવાનગી આપી શકાય નહીં. દિલ્હીની તમામ સરહદો પર સુરક્ષા કડક કરી દેવામાં આવી છે અને બેરિકેડ લગાવવામાં આવ્યા છે. જેના કારણે દિલ્હીની સરહદો પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો છે અને લોકો કેટલાય કલાકો સુધી ટ્રાફિક જામમાં અટવાઈ પડ્યા છે. ડીએનડી અને ચિલ્લા બોર્ડર પર ઘણા કિલોમીટર લાંબો જામ છે. ગુરુગ્રામમાં પણ લોકો ટ્રાફિક જામમાં અટવાયા છે.ખેડૂતોની જીદ જોતા દિલ્હી પોલીસે સુરક્ષા કારણોસર લાલ કિલ્લો બંધ કરવાનો નિર્ણય લીધો છે. લાલ કિલ્લાના મેઈન ગેટ પર અનેક લેયરની બેરિકેડિંગ કરાઈ છે. ગેટ પર બસ, ટ્રક ઊભી રાખવામાં આવ્યા છે. જેના કારણે કોઈ ગાડી અંદર દાખલ થઈ શકે નહીં.

ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરે તે પહેલા ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે કહ્યું, 'અમે સરકાર પર વિશ્વાસ કર્યો અને ૫ કલાક સુધી બેઠકમાં હાજર રહ્યા. ભારતના બે રાજ્યો પંજાબ અને હરિયાણા આંતરરાષ્ટ્રીય સરહદો બની ગઈ છે. ખેડૂતોને તેમના પાસપોર્ટ રદ કરવાની ધમકી આપવામાં આવી રહી છે. મીટિંગમાં બેઠા હતા ત્યારે અમારા ટ્વિટર હેન્ડલ બંધ થઈ ગયા હતા. સરકાર અમને ફસાવી રાખવા માંગે છે. સરકારે અમારા માટે ખીલા લગાવ્યા છે. અમે અનાજ ઉગાડીએ છીએ. અમારું આંદોલન શાંતિપૂર્ણ છે. સરકાર ગોળી ચલાવશે, છતાં અમારું આંદોલન શાંતિપૂર્ણ રહેશે. અમારી માંગણીઓ એમએસપી છે,

# મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણે કેસરીયા કર્યા , દેવેન્દ્ર ફડણવીસે પાર્ટીમાં એન્ટ્રી કરાવી

## અશોક ચવ્હાણ ૮ ડિસેમ્બર ૨૦૦૮થી ૯ નવેમ્બર ૨૦૧૦ સુધી દોઢ વર્ષ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહ્યા

મુંબઇ,

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ ભાજપમાં સામેલ થયા છે, તે મુંબઈમાં ભાજપના કાર્યાલયમાં નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા. અશોક ચવ્હાણે સોમવારે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું. અશોચ ચવ્હાણની સાથે એમએલસી અમર રાજુરકર પણ ભાજપમાં સામેલ થયા હતા.

આ પ્રસંગે મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, 'કદાવર નેતાનું સ્વાગત કરતા ઘણી ખુશી થઈ રહી છે, જેમણે વિધાનસભા અને લોકસભા બન્નેમાં કામ કર્યું, જેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને કેટલાક મંત્રાલયોમાં કામ કર્યું. હું અમારા પ્રદેશ અધ્યક્ષ બાવનકુલેને અપીલ કરૂ છું કે તે પાર્ટી ફોર્મ પર હસ્તાક્ષર કરીને અશોક ચવ્હાણને ભાજપના પ્રાથમિક સભ્યના રૂપમાં સ્વીકાર કરે.' અશોક ચવ્હાણે સભ્ય પદ માટે ૫૦૦ રૂપિયા આપ્યા હતા. ફડણવીસ પૂર્વ એમએલસી અને અશોક ચવ્હાણના કટ્ટર સમર્થક અમર રાજુરકરનું પણ ભાજપમાં આવવાનું સ્વાગત કર્યું હતું.

અશોક ચવ્હાણ મહારાષ્ટ્રમાંથી રાજ્યસભામાં જઇ શકે છે. ભાજપમાં જોડાતા પહેલા અશોક ચવ્હાણે કહ્યું હતું કે, તે સત્તા પર રહેલી ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થશે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, "હું મુંબઇ સ્થિત ભાજપ કાર્યાલય જઈને ભાજપમાં સામેલ થઇ રહ્યો છું. આજે મારા જીવનની નવી રાજકીય કરિયરની શરૂઆત છે."

પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ મહારાષ્ટ્રમાં કોંગ્રેસનો એવો ચહેરો મનાય છે જે દરેક મુશ્કેલીમાં પાર્ટી સાથે ઉભા રહે છે. મોદી લહેર હોવા છતા ૨૦૧૪માં નાંદેડ બેઠક પરથી તેમણે કોંગ્રેસને જીત અપાવી હતી. અશોક ચવ્હાણ મૂળ ઓરંગાબાદ જિલ્લાના પૈઠણ તાલુકાના રહેવાસી છે. જોકે, તેમના પૂર્વજ નાંદેડમાં આવીને રહેવા લાગ્યા અને ત્યારથી તે નાંદેડકર તરીકે ઓળખાવા લાગ્યા હતા, તેમણે રાજકીય વારસો પિતા શંકરરાવ ચવ્હાણ પાસેથી મળ્યો છે જે બે વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહ્યાં છે. શંકરરાવ ચવ્હાણને કારણે મરાઠાવાડમાં કોંગ્રેસ મજબૂત બની અને સત્તા વિરોધી લહેર છતા કોંગ્રેસને અહીંથી કોઇ હરાવી શક્યુ નથી.

અશોક ચવ્હાણ ૮ ડિસેમ્બર ૨૦૦૮થી ૯ નવેમ્બર ૨૦૧૦ સુધી દોઢ વર્ષ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહ્યા, તેમનું નામ આદર્શ કૌભાંડમાં આવ્યા બાદ તેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપવું પડ્યું હતું. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં જીત મેળવી હતી. અશોક ચવ્હાણને મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ પણ બનાવવામાં આવ્યા હતા.

# રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને સાચી ખબર જ નથી કે ગુજરાતમાં એક વર્ષમાં કેટલા સિંહોના મોત થયા છે.

ગાંધીનગર

ગુજરાતના ગીરના સિંહો એ સૌરાષ્ટ્રનું ઘરેણુ છે. સમગ્ર દેશ અને દુનિયામાંથી પ્રવાસીઓને ગીરમાં ખેંચી લાવતા આ ડાલામથ્થા, આ સાવજોના સંરક્ષણ, જતન પ્રત્યે સરકાર કેટલી બેદરકાર છે તેના ઉડીને આંખે વળગે તેવા આંકડા સામે આવ્યા છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને સાચી ખબર જ નથી કે ગુજરાતમાં એક વર્ષમાં કેટલા સિંહોના મોત થયા છે.ગુજરાતમાં સિંહોની વસ્તી વધી રહી હોવાના દાવા વચ્ચે બે વર્ષમાં ૨૩૯ સિંહોના મોત થયા હોવાનો ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. જેમા ૨૧૦ સિંહોના કુદરતી જ્યારે ૨૯ સિંહના અકુદરતી મોત થયા છે.ગુજરાત સરકાર કહે છે કે ૨૦૨૩ના વર્ષમાં ગુજરાતમાં ૧૨૨ સિંહના મોત થયા જ્યારે કેન્દ્ર સરકાર કહે છે કે ગુજરાતમાં ૨૦૨૩માં ૧૦૩ સિંહના મોત થયા છે. લોકસભામાં રજૂ કરવામાં આવેલા આંકડાઓ પ્રમાણે વર્ષ ૨૦૧૯થી ૨૦૨૩માં ૫૫૫ સિંહોના મોત થયા છે વર્ષ ૨૦૧૯માં ૧૧૩ મોત, વર્ષ ૨૦૨૦માં ૧૨૪ મોત, વર્ષ ૨૦૨૧ –૧૦૫ મોત, જ્યારે વર્ષ ૨૦૨૨માં ૧૧૦ સિંહોના મોત થયા છે. આંકડાઓની આ વિસંગતતા વચ્ચે હકીકત એ છે કે ગુજરાતમાં સિંહોના અકુદરતી મોત વધી રહ્યાં છે.ગુજરાતમાં સિંહોના મોત મામલે લોકસભા અને વિધાનસભામા આંકડાઓમાં ભારે વિસંગતતા જોવા મળી રહી છે. લોકસભાના બજેટ સત્રમાં આ અંગે કરાયેલા પ્રશ્નના ઉત્તરમાં એવો દાવો કરાયો છે કે ગુજરાતમાં ૨૦૨૩માં ૧૦૩ સિંહના મોત થયા હતા. બીજી તરફ વિધાનસભામાં રજૂ કરાયેલા પ્રશ્નના ઉત્તરમાં વર્ષ ૨૦૨૩માં ૧૨૨ સિંહના મોત થયા હતા. લોકસભામાં રજૂ કરવામાં આવેલી વિગત અનુસાર ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૫૫૫ સિંહોના મોત થયા છે.ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં સિંહના મોતના આંકડા પર નજર કરીએ તો વર્ષ ૨૦૨૨માં કુદરતી રીતે ૧૦૪ સિંહોના મોત થયા જ્યારે અકુદરતી રીતે ૫૯ સિંહોના મોત થયા છે, કુલ ૧૮૬ સિંહોના મોત થયા છે. વર્ષ ૨૦૨૩માં ૧૪૫ સિંહોના કુદરતી રીતે મોત થયા છે જ્યારે ૭૩ સિંહોના અકુદરતી મોત થયા છે જે કુલ મળીને ૨૧૮ સિંહોના મોત થયા છે.

અમરેલી જિલ્લાને ડાલામથ્થાનું ગઢ માનવામાં આવે છે. અહીં ખેતરોમાં કે સીમમાં જતી વેળાએ તમને સિંહનો ભેટો ન થાય તો જ નવાઈ. પણ આ સિંહોના ગઢમાં જ હવે તેઓ અસુરક્ષિત બન્યા હોય તેવુ લાગી રહ્યુ છે. ડાલામથ્થાના આ ગઢમાં સિંહની પાછળ જાણે મોત પડ્યુ છે. જેમા સૌથી પહેલુ કારણ છે રેલવે ટ્રેક ફરતે ફેન્સિંગનો અભાવ.

# વડાપ્રધાન મોદી અબુધાબી પહોંચ્યા ગાર્ડ ઓફ ઓનર અપાયું; યુએઈના રાષ્ટ્રપતિએ ગળે લગાવીને સ્વાગત કર્યું

અબુધાબી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુએઈમાં પ્રથમ હિન્દુ મંદિરના અભિષેક સમારોહમાં ભાગ લેવા માટે અબુ ધાબી પહોંચી ગયા છે. આ દરમિયાન પીએમ મોદીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. સંયુક્ત આરબ અમીરાતના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને પીએમ મોદીને ગળે લગાવ્યા. ઉલ્લેખનીય છે કે મધ્ય પૂર્વમાં પરંપરાગત હિંદુ સ્થાપત્ય શૈલીમાં પથ્થરથી બનેલું આ પ્રથમ મંદિર બનવા જઈ રહ્યું છે જેનું નિર્માણ બીએપીએસ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે. ૧૪મી ફેબ્રુઆરીના રોજ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહનું આયોજન કરવામાં આવશે. મોદી ઝાયેદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં ભારતીય ડાયસ્પોરાને સંબોધિત કરશે. તમને જણાવી દઈએ કે ૨૦૧૫ પછી પીએમ મોદીની યુએઈની આ સાતમી મુલાકાત છે. છેલ્લા આઠ મહિનામાં તેમની યુએઈની આ ત્રીજી મુલાકાત હશે.આજે અબુ ધાબીમાં હિંદુ પ્રવાસીઓને સંબોધતા પહેલા પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ શેર કરી હતી.



તેમણે કહ્યું, 'અમને અમારા વિદેશી ભારતીયો અને વિશ્વ સાથે ભારતના જોડાણને વધુ ગાઢ બનાવવાના તેમના પ્રયાસો પર ખૂબ ગર્વ છે. આજે સાંજે, હું અહલાન મોદી કાર્યક્રમમાં યુએઈમાં ભારતીયોને મળવા માટે ઉત્સુક છું. આ યાદગાર ક્ષણમાં જોડાવા માટે ખાતરી કરો. તમને જણાવી દઈએ કે ૧૪ ફેબ્રુઆરીએ ઉદ્ઘાટન પહેલા સોશિયલ મીડિયા પર બીએપીએસ હિન્દુ મંદિરની એક ઝલક રજૂ કરવામાં આવી છે.પીએમ મોદીની મુલાકાત પહેલાના અહેવાલો અનુસાર, ખરાબ હવામાનને કારણે આયોજકો થોડા ચિંતિત છે, પરંતુ વડાપ્રધાનના સ્વાગતને લઈને તેમના ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો નથી. આયોજકોએ જણાવ્યું હતું કે યુએઈમાં ખરાબ હવામાન હોવા છતાં અહીં રહેતા ભારતીય સમુદાયના લોકોના ઉત્સાહમાં કોઈ ઘટાડો થયો નથી. ભારે વરસાદ છતાં ૨,૫૦૦ થી વધુ લોકોએ સંપૂર્ણ ગ્રાઉન્ડ રિહર્સલમાં હાજરી આપી હતી. કાર્યક્રમના આયોજનમાં મદદ કરનાર સ્વયંસેવકોએ પણ બ્રીફિંગમાં ભાગ લીધો હતો. ભારે વરસાદ હોવા છતાં ૨,૫૦૦ થી વધુ લોકોએ સંપૂર્ણ ગ્રાઉન્ડ રિહર્સલમાં હાજરી આપી હતી. ઈવેન્ટના આયોજનમાં સામેલ સ્વયંસેવકોએ પણ બ્રીફિંગમાં હાજરી આપી હતી.

નોંધનીય છે કે યુએઈમાં લગભગ ૩.૫ મિલિયન લોકો વિદેશી ભારતીય સમુદાયના છે. સૌથી મોટો સમુદાય હોવા સાથે, ભારતીયો સમગ્ર દેશની વસ્તીના લગભગ ૩૫ ટકા છે. પીએમ મોદીના આગમન પછી, અબુ ધાબીના સ્ટેડિયમમાં ૭૦૦ થી વધુ સાંસ્કૃતિક કલાકારો કાર્યક્રમના મુખ્ય આકર્ષણમાં પરફોર્મ કરશે. ભારતીય કલાઓની વિવિધતાનું જીવંત નિરૂપણ થશે. બંને દેશોની સર્વસમાવેશક સંસ્કૃતિની ઝલક પણ જોઈ શકાય છે.

તમને જણાવી દઈએ કે યુએઈ સરકારે અબુ ધાબીમાં મંદિર બનાવવા માટે ૨૦,૦૦૦ ચોરસ મીટર જમીન આપી હતી. યુએઈ સરકારે ૨૦૧૫માં આની જાહેરાત કરી હતી જ્યારે વડાપ્રધાન મોદી ત્યાં બે દિવસની મુલાકાતે ગયા હતા. સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુ ધાબીમાં પહેલું હિન્દુ મંદિર તૈયાર છે. મંદિર નિર્માણમાં ઈકો-ફ્રેન્ડલી પદ્ધતિઓ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. તમને જણાવી દઈએ કે ૨૦૧૮માં પીએમ નરેન્દ્ર મોદીની દુબઈ મુલાકાત દરમિયાન બોચાસણ નિવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ ત્યાં ઓપેરા હાઉસથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મંદિરનો શિલાન્યાસ કર્યો હતો.

# ગુજરાત સરકારના અધિકારી-કર્મચારીઓના પગાર અને પેન્શન પાછળ ૭૬,૩૦૫ કરોડ ખર્ચાશે

ગાંધીનગર,

ગુજરાત સરકારના અધિકારી-કર્મચારીઓના પગાર અને પેન્શન પાછળ આગામી વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ ૭૬૩૦૫ કરોડનો ખર્ચ થવાનો છે. છેલ્લા એક વર્ષમાં બન્ને રકમમાં અનુક્રમે ૪૪૧૨ અને ૨૪૮૪ કરોડનો વધારો થશે. ચોંકાવનારી બાબત એવી સામે આવી છે કે આવતા વર્ષે કર્મચારીઓની સંખ્યાની સરખામણીએ પેન્શનરોની સંખ્યામાં વિક્રમી વધારો થશે.રાજ્યના નાણાં વિભાગના સુધારેલા અંદાજ પ્રમાણે ચાલુ વર્ષે ૪૬૭૩૯૦ જેટલા કર્મચારીઓના પગાર પાછળ સરકાર કુલ ૪૪૫૨૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે, જ્યારે આવતા વર્ષે આ ખર્ચની રકમ ૪૮૯૮૦ કરોડ થવા જાય છે એટલે કે તેમાં સીધો ૪૪૧૨ કરોડનો વધારો છે.બીજીતરફ રાજ્યના ૫૦૭૨૭૦ નિવૃત્ત કર્મચારીઓના પેન્શન પાછળ ચાલુ વર્ષના અંત સુધીમાં ૨૪૮૪૧ કરોડનો ખર્ચ થશે પરંતુ આગામી વર્ષના અંતે આ ખર્ચનો આંકડો વધીને ૨૭૩૨૫ કરોડ થવાની છે. એટલે કે એક વર્ષમાં ૨૪૮૪ કરોડનો વધારો થશે. આગામી વર્ષ સુધીમાં પેન્શનરોની સંખ્યા વધીને ૫૩૫૬૫૭ થવાની છે. એટલે કે એક વર્ષમાં નિવૃત્ત થતાં અધિકારી-કર્મચારીઓની સંખ્યા ૨૮૩૮૭ થવાની છે. નાણાં વિભાગના સત્તાવાર આંકડા પ્રમાણે સરકારી વિભાગોમાં કર્મચારીઓની સંખ્યા અત્યારે ૨૦૯૨૪૪ જેટલી થવા જાય છે જ્યારે સહાયિત સંસ્થાઓમાં કર્મચારીઓની સંખ્યા ૨૫૮૧૪૬ છે, આમ સરકાર કુલ ૪.૬૭ લાખ કર્મચારીઓને પગાર અને ભથ્થાં આપી રહી છે. જો કે આ આંકડામાં જાહેર ક્ષેત્રોમાં કામ કરતા કર્મચારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.


ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

એપ્રેન્ટીસ ભરતી માટેની જાહેરાત સને ૨૦૨૩-૨૪

પંચમહાલ જીલ્લાની ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકની વર્તુળ / વિભાગીય/ પેટા વિભાગીય કચેરીઓ માટે એપ્રેન્ટીસ અધિનિયમ- ૧૯૬૧ ની જોગવાઈ અનુસાર એપ્રેન્ટીસ ( ૨૦૨૩-૨૪ ) ભરતીની કાર્યવાહી કરવામાં આવનાર છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | એપ્રેન્ટીસનો સંવર્ગ | માસિક સ્ટાઈપેન્ડ |
|---|---|---|
| ૧. | બી.ઈ. એન્જીનીયર ( સિવિલ) | રૂ.૧૫,૦૦૦/- |
| ૨. | ડિપ્લોમા એન્જીનીયર ( સિવિલ) | રૂ.૧૨,૦૦૦/- |
| ૩. | આઈ.ટી.આઈ. બે વર્ષના ટ્રેડવાળા | રૂ.૯,૦૦૦/- |

ઉપરોક્ત લાયકાત ધરાવનાર ઉમેદવારે એપ્રેન્ટીસશીપ હેઠળ તાલીમમાં જોડાવા SKILL INDIA/ MSDE અથવા MHRD માં રજીસ્ટ્રેશન હોવું ફરજીયાત છે. તેમજ નીચે મુજબની વિગતે જરૂરી દસ્તાવેજો સાથે ઈન્ટરવ્યુમાં હાજર રહેવાનું રહેશે.

| | |
|---|---|
| ઈન્ટરવ્યુનું સ્થળ : | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ધાનકાવાડ, પાંજરાપોળ રોડ, ગોધરા – ૩૮૯૦૦૧ |
| ઈન્ટરવ્યુની તારીખ: | ૧૬/૦૨/૨૦૨૪ ના રોજ |
| ઈન્ટરવ્યુનો સમય : | સવારે ૧૧:૦૦ કલાકથી સાંજે ૬:૦૦ કલાક સુધી |

ઉપરોક્ત ઉમેદવારોને લેવા કે ન લેવા તે બાબતે સત્તા ધરાવતા અધિકારીને અબાધિત રહેશે. પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની હેલ્પલાઈન નંબર ૧૯૧૬ નો સંપર્ક કરવા અનુરોધ છે.

માહિતી/ગોધરા/૮૯૧/૨૦૨૪



ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

ટેન્ડર નોટીસ નં- ૦૫ સને-૨૦૨૩-૨૪-બીજો પ્રયત્ન

ઇ-ટેન્ડર આઇ.ડી. નં.-૪૨૦૮૧

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ધાનકાવાડ, ગોધરા, જીલ્લો-પંચમહાલ-૩૮૯૦૦૧, ફોન નં-૦૨૬૭૨ ૨૪૧૯૪૧ દ્વારા નીચેના કામો માટે ઇ-ટેન્ડરો મંગાવવામાં આવે છે.
(૧) કામનું નામ- એક્શન પ્લાન ૨૦૨૩-૨૪ (મ.અને નિ.) અંતર્ગત પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાની પી.એમ.૪-બી જુથ પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવણીની (સિવિલ અને યાંત્રિકના સંયુકત) ૦૫ વર્ષ માટેની કામગીરી, અંદાજીત કિંમત રૂા.૧૨૦૬.૯૮ લાખ (કુલ એક કામ) (૨) એજન્સીની પાત્રતા- ઉકત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઇ ખાતાના યોગ્ય શ્રેણી માં રજીસ્ટ્રેશન ધરાવતા તથા ટેન્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી લાયકાત ધરાવતાં ઠેકેદારશ્રીઓ પાસેથી ઓનલાઇન ભાવો માંગવામાં આવે છે. (૩) ઉકત કામોની બાનાની રકમ / ટેન્ડર ફી તથા અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઇટ http//gwssb.nprocure.com ઉપર જોઇ શકાશે. ટેન્ડર ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ-૨૨/૦૨/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી તથા ફિઝીકલ દસ્તાવેજો કચેરીમાં આર.પી.એડી / હાથો હાથ / કુરીયર થી સબમિશન કરાવવાની છેલ્લી તારીખ-૨૩/૦૨/૨૦૨૪, ૧૫.૦૦ કલાક સુધીની રહેશે. સદર ટેન્ડર કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. આ કામની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોકયુમેન્ટ /સુધારા કે કોઇપણ ફેરફાર હવે પછી વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.
" ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડનો હેલ્પલાઇન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે. "

માહિતી/ગોધરા/૮૯૨/૨૦૨૪



જાહેર નોટીસ

મે.લુણાવાડાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

જન્મ/મરણ/નોંધણી/અ.નં. /૨૦૨૪

અરજદાર :: શ્રી માલીવાડ ચિરાગભાઈ અભેસિંહ રે. ફત્તાજીના ભેવાડા, તા.ખાનપુર, જી. મહીસાગર

વિરૂદ્ધ

સામાવાળા :: જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રી કાનેસર

આથી લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોકત અરજદારએ નામે શ્રી ''માલીવાડ ચિરાગભાઈ અભેસિંહ'' એ તેમના પુત્ર નામે ''માલીવાડ સુરેશકુમાર ચિરાગભાઈ''ની જન્મ સને તા. ૨૮/૦૧/૨૦૧૧ ના વર્ષમાં મુ. ફતાજીના ભેવાડા, તા.ખાનપુર, જી. મહીસાગર મુકામે થયેલ હતો, તેવું અમારી સમક્ષ જાહેર કરી જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ સામાવાળાના રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.

વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો–તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૧૨/૦૩/૨૦૨૪ના રોજ બપોરે ૩.૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા–તકરાર રજુ કરવા, જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અપીલ અંગે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૩/૦૨/૨૦૨૪ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

કોર્ટનો સિક્કો

હુકમથી સહી–
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પ્રાન્ત લુણાવાડા.



જાહેર નોટીસ

મે. લુણાવાડાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

જન્મ/મરણ/નોંધણી/અ.નં. /૨૦૨૪.

અરજદાર :: શ્રી સુરતી ઈકબાલ ઈબ્રાહિમ રે. જવાહર રોડ, લુણાવાડા, તા. લુણાવાડા, મહિસાગર.

:: વિરૂધ્ધ ::

સામાવાળા :: જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રાર અને નગર પાલિકા લુણાવાડા.

આથી લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

ઉપરોકત અરજદારએ નામે શ્રી ''સુરતી ઇકબાલ ઈબ્રાહીમ'' એ તેમના પોતે નામે ''સુરતી ઇકબાલ ઈબ્રાહીમ''ની જન્મ સને ૦૩/૦૩/૧૯૫૭ ના વર્ષમાં મુ.લુણાવાડા, તા.લુણાવાડા. જી. મહીસાગર મુકામે થયેલ હતો, તેવુ અમારી સમક્ષ જાહેર કરી જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ સામાવાળાના રજીસ્ટરે જન્મની નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.

વાસ્તે સદરહું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો–તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા.૧૧/૦૩/૨૦૨૪ના રોજ બપોરે ૩.૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા–તકરાર રજુ કરવા, જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અપીલ અંગે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૨/૦૨/૨૦૨૪ના રોજ નોટીસ પ્રસિધ્ધ કરી.

કોર્ટનો સિક્કો

હુકમથી સહી/–
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
પ્રાન્ત લુણાવાડા.

**મહિસાગર, ખેડા આવૃત્તિ**

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

**પંચમહાલ સમાચાર**

# સંતરામપુર આશ્રય ચેરીટેબલ ટ્રસ્ટના નવિન મકાનના ઉદ્‌ઘાટનમાં શિક્ષણ મંત્રી હાજર રહ્યા




સંતરામપુર નગરમાં ચાલતી આશ્રય ચેરીટેબલ ટ્રસ્ટના નવીન મકાનના શુભ ઉદ્દઘાટન પ્રસંગે કેબિનેટ મંત્રી શિક્ષણ વિભાગમાં પ્રો. ડો. કુંબેરભાઈ એમ ડીંડોર, સંતરામપુર પોલીસ સ્ટેશન પી.આઈ. કે.કે.ડિંડોર તથા દાતાઓ, આમંત્રિત મહેમાનો, નગર માંથી ભાઈઓ બહેનો, આશ્રયના લાભાર્થીઓ સૌ આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. આશ્રય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિધવા, નિરાધાર નિઃસહાય અને જરૂરિયાતમંદ લોકોને નિઃશુલ્ક ટિફિન સેવા પૂરી પાડવામાં આવે છે તથા ફ્રીમાં મેડિકલ સાધનો, ધાર્મિક પ્રવાસ, તેમજ કપડા, વાસણ જેવી અનેક ચીજ વસ્તુઓ પણ લાભાર્થીઓને અવાર-નવાર આપવામાં આવે છે. સંસ્થા દ્વારા કરવામાં આવતા આવા સુંદર સેવાકીય કાર્ય બદલ સંસ્થાના પ્રમુખ રાકેશભાઈ પ્રજાપતિ મંત્રી સંદીપભાઈ શાહ, વિશાલભાઈ સોની, હરેશભાઈ બારીયા, પુનિતભાઈ ને તથા સંસ્થાને ખૂબ ખૂબ બિરદાવવામાં આવ્યા. સંસ્થાને મંત્રી અને મહેમાનો દ્વારા આવનારા વર્ષોમાં પણ આ સંસ્થા અવિરત ચાલતી રહે તેવી શુભકામના પાઠવવામાં આવી.

# બાલાસિનોર તાલુકામાં પાંડવાના મહિલા પશુપાલક મીનાબેન સેવકનો તાલુકામાં પ્રથમ ક્રમાંક આવતા સરકાર દ્વારા પુરસ્કાર આપી સન્માનિત કરાયા



બાલાસિનોર,

બાલાસિનોર તાલુકામાં વર્ષોથી પશુપાલન ક્ષેત્રે સાથે સંકાયાલા મીનાબેન સેવકને ગુજરાત સરકારની રાજ્યના શ્રેષ્ઠ પશુપાલન વ્યવસાય ધરાવનાર પૈકી બાલાસિનોર તાલુકામાં પ્રથમ નંબરે મહિલા પશુપાલન વ્યાવ્યાસાય કરનાર મીનાબેન સેવકને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકાના પાંડવા ગામ ખાતે અતિ આધુનિક સુવિધાઓ સાથે ધનલક્ષ્મી ડેરી ફાર્મ સ્થાપી અંદાજીત ૧૦૦ જેટલા ગાય અને ભેશ પશુઓ રાખીને મીનાબેન હાલમાં અમૂલ ડેરીને સીધું દૂધ સપ્લાય કરીને પોતાના પગભર છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા રાજ્યના દરેક જીલ્લા અને તાલુકામાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા અને પશુપાલનમાં વિશેષ કામગીરી કરનારને શ્રેષ્ઠ પશુપાલન પુરસ્કાર યોજના અંતર્ગત બાલાસિનોર તાલુકામાં પ્રથમ નંબરે પાંડવા ગામના મીનાબેન ભાનુપ્રસાદ સેવકને ગુજરાત સરકાર દ્વારા પુરસ્કાર આપી સાથે સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા છે ત્યારે મીનાબેન સેવક અનેક મહિલાઓ માટે આદર્શ સાબિત થયા છે.

# દાહોદ ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા નકલી ખાતર જંતુનાશક દવાનો ધંધો કરતા વેપારીઓ બિનજામીનપાત્ર ગુનાના કાયદા ઘરવા માંગ

દાહોદ,

નકલી બિયારણ, નકલી ખાતર અને નકલી જંતુનાશક દવાનો વેપાર કરી ખેડૂતો સાથે છેતરપિંડી કરનારા વેપારીઓ સામે બિન-જામીનપાત્ર ગૂનો દાખલ થાવ તેવો કાયદો ઘડવા અંગે ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી હોવાનો જાણવા મળે છે.

ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને કરવામાં આવેલ લેખિત રજૂઆતમાં જણાવ્યા, વર્ષ ૨૦૨૨-૨૩ માં ખાતરના ૩૭૮ નમૂના કેલ, બિયારણ ૧૯૨ નમૂના ફેલ, જંતુનાશક દવાના ૧૩૬ નમૂના ફેલ અને વર્ષ ૨૦૨૩-૨૪ માં ખાતરના ૪૨૫ નમૂના ફેલ, બિવારણ ૨૮૩ નમૂના કેળ, જંતુનાશક દવાના ૧૯૬ નમૂના ફેલ થયા છે. બે વર્ષમાં ૧૬૧૦ નમૂના ફેલ થયા છે. ગુજરાતમાં નકલી બિયારણ, નકલી ખાતર અને નકલી જંતુનાશક દવાનો ગેરકાયદેસર વેપાર ધમધમી રહ્યો છે. ખેડૂતો અથાગ મહેનત કરે છે અને પાક નિષ્ફળ જાય ત્યારે ખબર પડે છે કે ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓ નકલી હતી. પરિણામે ખેડૂતોને આર્થિક ખોટ વેઠવાનો વારો આવે છે. નકલી બિયારણ, ખાતર અને જંતુનાશક દવાના ધૂમ વેચાણને કારણે માફિયાઓ મજબૂત બન્યા છે. કહેવાય રહ્યુ છે, કે ગુજરાતમાં ૩૦૦ થી વધુ બીજકંપનીઓ બિનઅધિકૃત વેચાણ કરી કરોડોની આવક મેળવે છે અને ખેડૂતો સાથે છેતરપીડી કરી છે. કાયદામાં કડક જોગવાઈ નહીં હોવાથી નકલી ખાતર, બીયારણ અને જંતુનાશક દવાઓ વેચાણ કરનારા ડરતાં નથી અને મામૂલી દંડ ભરી છૂટી જાય છે. તેવુ માનવામાં આવી રહયુ છે.

ખેડૂતોની સાથે છેતરપીંડી ન થાય, ખેડૂતોને આર્થિક નુકશાન ન થાય તે માટે નકલી બિયારણ, નકલી ખાતર અને નકલી દવાનો વેપાર કરતાં વેપારીઓ સામે બીનજામીનપાત્ર ગૂનો દાખલ થાય અને કડક સજા થાય તેવી કાયદામાં જોગવાઈ થાય તેવી ખેડૂતો તરફથી વિનંતી કરવામાં આવી હતી.

## ગુજરાતનું અંદાજપત્ર

# પ્રજાલક્ષી – સર્વાંગી વિકાસ અને 'સૌનો સાથ, સૌના વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના કર્મમંત્રને સાર્થક કરનારૂં : નાણાં મંત્રી

ગાંધીનગર,

રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, ગુજરાતનું અંદાજપત્ર પ્રજાલક્ષી, સર્વાંગી વિકાસનું અને સૌનો સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના કર્મમંત્રને સાર્થક કરનારૂં બજેટ છે. કોઈપણ રાજ્યના બજેટ કરતા ગુજરાત રાજ્યના બજેટની પ્લાન સાઈઝ મોટી છે. વિકાસ માટે આટલા મોટા પ્રમાણમાં વસતીના ધોરણે દેશભરમાં ગુજરાત સૌથી વધુ બજેટ જોગવાઈ કરે છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

ગુજરાત વિધાનસભામાં અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચાના ચોથા અને છેલ્લા દિવસે સંબોધન કરતા નાણાં મંત્રી દેસાઈએ જણાવ્યું હતું કે, વિકાસના દરેક ક્ષેત્ર માટે અસરકારક નીતિઓ, ચુસ્ત અમલીકરણ અને પૂરતા નાણાકીય સંશોધનો દ્વારા ગુજરાત ઉત્તરોતર વિકાસના નવા શિખરો સર કરશે. રાજ્ય સરકારનું આ બજેટ અમૃતકાળમાં વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં વિકસિત ગુજરાત જ ૨૦૪૭નું વિઝન રજૂ કરતું ઐતિહાસિક બજેટ છે. તેમણે ઉમેર્યું હતું કે, ગત વર્ષના બજેટમાં અમે વિકાસની પરિકલ્પનાના પાંચ સ્તંભોની અવધારણા રજુ કરેલ હતી. તેને મૂળમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અમારી સરકાર ગરવી ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત બનાવવાની કટિબદ્ધતાને દર્શાવતું બજેટ લઈને આ ગૃહ સમક્ષ આવી છે.તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દુરંદેશી અને વિકાસની રાજનીતિને કારણે પાછલા બે દશકમાં દરેક ક્ષેત્રમાં ગુજરાતે અભૂતપૂર્વ વિકાસ કરી દેશ જ નહિ પણ વિશ્વમાં આગવું સ્થાન ઉભુ કરેલ છે. આજે ગ્લોબલ સપ્લાય ચેઈનમાં અને નિકાસમાં ગુજરાતે હરણફાળ ભરી છે. ન્યુ એજ ઈન્ડસ્ટ્રીમાં પણ ગુજરાત અગ્રહરોળમાં રહીને વૈશ્વિક કક્ષાની સસ્ટેનેબલ ઈકોસીસ્ટમ ઉભી કરશે તેવો અમારી સરકારનો નિર્ધાર છે, તેમ તેમણે જણાવ્યું હતું.

વધુમાં, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની શરૂઆત કરીને મોદીએ ગુજરાતને ઔદ્યોગિક ક્ષેત્રે વિશ્વકક્ષાનું વિકાસનું મોડેલ બનાવ્યું છે. આજે દેશના અન્ય રાજ્યો પણ આ પ્રકારની ઈન્વેસ્ટર સમિટના આયોજનો કરવા લાગ્યા છે.હમણાં જ પૂર્ણ થયેલ દસમી ગુજરાત વાઈબ્રન્ટ સમિટમાં કરોડોના એમઓયુ થયા છે. આ સમિટમાં ખાસ કરીને રીન્યુએબલ ઊર્જાના ઉત્પાદન ઉપર ખાસ ભાર મૂકવામાં હતો અને આ ક્ષેત્રે અંદાજે ૧૨ લાખ કરોડના એમઓયુ થયા છે.

મંત્રીએ કહ્યું કે, અમે આંગણવાડી ૨.૦ અને પી.એમ.પોષણ યોજનાનો વ્યાપ વધારવા જેવા નોંધનીય પગલા લીધેલ છે. પી.એમ.પોષણ યોજના અતર્ગત અંદાજે ૫૨ લાખ વિદ્યાર્થીઓને બપોરે તાજુ અને ગરમ ભોજન આપવામાં આવે છે. હાલની ટેક હોમ રાશન યોજના,પૂર્ણા યોજના, માતૃશક્તિ યોજના, પૂરક પોષણ યોજના, પોષણ સુધા યોજના, દૂધ સંજીવની અને અન્નસંગમ જેવી યોજનાઓ માટે વિશેષ બજેટ જોગવાઈ કરી છે તેમજ નવી નમોશ્રી યોજના જાહેર કરી છે. તેમણે ઉમેર્યું કે, ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે. જેમાં દુધસંજીવની યોજના અંતર્ગત રોજે-રોજ તાજુ ફોર્ટીફાઈડ પેશ્ચ્યુરાઈઝડ ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે. દુધ સંજીવની યોજના અંતર્ગત ૬ માસ થી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં ૫ દિવસ ૧૦૦ એમ.એલ. મિલ્ક આપવામાં આવે છે.

# આપે ગુજરાતમાં ૨ ઉમેદવારોના નામની જાહેરાત કરી, ચૈતર વસાવા ભરૂચ અને ઉમેશ મકવાણા ભાવનગરથી ચૂંટણી લડશે




નવીદિલ્હી,

લોકસભાની ચૂંટણીનો માહોલ હવે ગરમાયો છે. ભાજપ છેલ્લી ઘડીએ ઉમેદવાર જાહેર કરે છે, કોંગ્રેસમાં ઉમેદવારો માટે મંથન ચાલી રહ્યુ છે. આ પહેલા આપે ગુજરાતમાં પોતાના ઉમેદવારો જાહેર કર્યા છે. આમ આદમી પાર્ટીએ ગુજરાતની બે લોકસભા બેઠકો પર પોતાના ઉમેદવારના નામની જાહેરાત કરી છે. ભરૂચ પર ચૈતર વસાવા અને ભાવનગરથી ઉમેશ મકવાણાને ટિકિટ આપવામાં આવી છે. રાજ્યસભાના સાંસદ સંદીપ પાઠકે આ જાહેરાત કરી છે. આમ આદમી પાર્ટીએ પોતાના બે ધારાસભ્યોને જ લોકસભાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે.

આમ આદમી પાર્ટીએ ડેડિયાપાડાના આપના ધારાસભ્ય ચૈતર વસાવા અને બોટાદના આપના ધારાસભ્ય ઉમેશ મકવાણાને લોકસભાની ટિકિટ આપી છે. આ બંને ધારાસભ્યો હજી સુધી આમ આદમી પાર્ટીમાં અડીખમ છે. તેથી પાર્ટીએ તેમને વિધાનસભા બાદ લોકસભા લડાવવાનો નિર્ણય કર્યો છે. ચૈતર વસાવા તાજેતરમાં જ લાંબી લડત બાદ જેલમુક્ત થયા છે. ત્યારે ભાજપ દ્વારા ચૈતર વસાવાને પોતાની તરફ આકર્ષવાનો અનેક રીતે પ્રયાસ કરાયો છે. છતા ચૈતર વસાવા ટસના મસ થયા નથી. ભાજપને જે એક બેઠક ગુમાવવાનો ડર લાગી રહ્યો છે, તેમાં ભરૂચ બેઠક પણ છે. ત્યારે આમ આદમી પાર્ટીએ પાણી પહેલા પાળ બાંધીને ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. તો બીજી તરફ, ઉમેશ મકવાણાનું નામ પણ અનેકવાર ભાજપ જવા અંગે ચર્ચાઈ ચૂક્યું છે. ત્યારે પાર્ટીએ તેમના નામની જાહેરાત થતા તેમની પક્ષપલટાની વાતો પર પૂર્ણવિરામ મૂકાયું છે.

આમ આદમી પાર્ટીના સાંસદ સંદીપ પાઠકે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં મહાગઠબંધનમાં અમારી પાસે ૮ બેઠકો છે. અમને લાગે છે કે કોંગ્રેસ આના પર અમને ટેકો આપશે. તેમણે છેલ્લા એક મહિનામાં ભારત ગઠબંધનની એક પણ બેઠક ન મળવા પર નારાજગી વ્યક્ત કરી છે.

આમ આદમી પાર્ટીએ ગોવા, આસામ અને ગુજરાતથી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. મંગળવારે આપના સાંસદ સંદીપ પાઠકે પાર્ટીની પોલિટિકલ અફેર કમિટીની બેઠક બાદ ઈન્ડિયા ગઠબંધન સાથે સીટ શેરિંગને લઈને ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે, યોગ્યના આધાર પર કોંગ્રેસ પાર્ટી દિલ્હીમાં એક પણ સીટની હકદાર નથી. પરંતુ ગઠબંધનના ધર્મને ધ્યાનમાં રાખતા, તેમણે દિલ્હીમાં એક સીટ આપી છે.

## આપની આજ.......

મેષ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે. તમને શાસન સત્તાનો ટેકો મળશે અને ભવિષ્યમાં તમને તેમનો સારો લાભ મળશે. લાંબા સમય પછી કોઈ જૂના મિત્રને મળશો.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. પ્રતિકૂળ સંજોગોમાં પણ તમારો સ્વભાવ પ્રેરણાદાયક રહેશે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે.

સિંહ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે. વ્યવસાયની દિશામાં કરવામાં આવેલા સકારાત્મક પરિવર્તનથી તમને સફળતા મળશે અને વિરોધીઓની વાતોથી તમને મુક્તિ મળશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

તુલા: લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. શરૂઆતમાં થોડા અવરોધ ઊભા થશે પણ અંતે દરેક જણ તમારી સાથે સહમત થતા જોવા મળશે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે. જરૂરી કાર્યો પૂરા કરવા માટે અન્યનો સહકાર લેવામાં તમે સફળ થશો.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

મકર: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં જે અવરોધ નડે છે તેનો અંત આવશે, પરંતુ સ્વાસ્થ્ય પ્રત્યે ઉદાસીનતા ના બનો. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીન: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે. તમારા ભાઈની આર્થિક સ્થિતિ મજબૂત રહેવાથી તમે ખુશ થશો અને તમારો ભાર પણ ઓછો થશે.

# કોંગ્રેસ સરકાર આવશે તો ખેડૂતોને એમએસપીની ગેરંટી આપવામાં આવશે. સ્વામીનાથન રિપોર્ટમાં જે છે તે પૂર્ણ કરવામાં આવશે, રાહુલ ગાંધી



અંબિકાપુર,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ભારત જોડો ન્યાય યાત્રા સાથે અંબિકાપુર પહોંચ્યા. અંબિકાપુરમાં જનસભાને સંબોધતા તેમણે કહ્યું, 'આજે ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે. તેમને રોકવામાં આવી રહ્યા છે, તેમના પર ટીયર ગેસના શેલ છોડવામાં આવી રહ્યા છે, તેઓ શું કહી રહ્યા છે. તેઓ ફક્ત તેમની મહેનતનું ફળ માંગે છે. ભાજપ સરકારે એમએસ સ્વામીનાથનને ભારત રત્ન આપવાની જાહેરાત કરી હતી, પરંતુ એમએસ સ્વામીનાથને જે કહ્યું હતું તેનો અમલ કરવા તેઓ તૈયાર નથી.

રાહુલ ગાંધીએ કહ્યું છે કે કોંગ્રેસે સ્વામીનાથન કમિશન મુજબ દરેક ખેડૂતને પાક પર એમએસપીની કાયદેસર ગેરંટી આપવાનો નિર્ણય કર્યો છે.એમએસપી ગેરંટી જાહેર કરતા રાહુલ ગાંધીએ કહ્યું છે કે આ પગલું ૧૫ કરોડ ખેડૂત પરિવારોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરીને તેમના જીવનમાં પરિવર્તન લાવશે. ન્યાયના માર્ગ પર કોંગ્રેસની આ પ્રથમ ગેરંટી છે. તેમણે કહ્યું કે દેશમાં ખેડૂતોને જે મળવું જોઈએ તે નથી મળી રહ્યું. એટલા માટે ખેડૂતો દિલ્હી તરફ જઈ રહ્યા છે, પરંતુ તેમને રોકવામાં આવી રહ્યા છે, તેમના પર ટીયર ગેસના શેલ છોડવામાં આવી રહ્યા છે. ખેડૂતો માત્ર એટલું જ કહી રહ્યા છે કે- અમને અમારી મહેનતનું ફળ મળવું જોઈએ.

રાહુલ ગાંધીએ કહ્યું કે, સ્વામીનાથને પોતાના રિપોર્ટમાં સ્પષ્ટ કહ્યું છે કે ખેડૂતોને ખરેખર એમએસપીનો કાયદેસર અધિકાર મળવો જોઈએ, પરંતુ ભાજપ સરકાર એવું કરી રહી નથી. જ્યારે ભારત સરકાર સત્તામાં આવશે, ત્યારે અમે (એક કાયદો) ભારતના ખેડૂતોને એમએસપીની ગેરંટી આપીશું. સ્વામીનાથન રિપોર્ટમાં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અમે પૂર્ણ કરીશું.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પૂર્વ પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધીએ મંગળવારે એક મોટી જાહેરાત કરતા કહ્યું કે કેન્દ્રમાં ઈન્ડિયા ગઠબંધન સરકારની રચના થતાં જ તેઓ વિવિધ પાકો માટે એમએસપીની ગેરંટી આપતો કાયદો લાવશે. આ દેશભરના ખેડૂતોની લાંબા સમયથી પડતર માંગ છે. અંબિકાપુર નગરના કલા કેન્દ્ર મેદાનમાં આયોજિત સામાન્ય સભા બાદ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાને અચાનક સ્થગિત કરી દેવામાં આવી છે. દિલ્હીમાં ખેડૂતોના આંદોલનને કારણે ઉભા થયેલા વિવાદ બાદ રાહુલ અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દિલ્હી જવા રવાના થવું પડ્યું છે.

અંબિકાપુરમાં સામાન્ય સભા બાદ રાહુલ ગાંધીની યાત્રા બલરામપુર જિલ્લા માટે રવાના થવાની હતી ત્યારે અચાનક યાત્રા મોકુફ કરી દેવામાં આવી હતી. બલરામપુર પછી યાત્રા ઝારખંડ રાજ્યમાં પ્રવેશવાની હતી. યાત્રા ફરી ક્યારે શરૂ થશે? આ અંગે હજુ સુધી કંઈ કહેવામાં આવ્યું નથી. રાહુલ ગાંધી રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે દિલ્હી જવા માટે અંબિકાપુર દારિમા એરપોર્ટથી રવાના થયા છે.

આ દરમિયાનકેન્દ્રીય કૃષિ મંત્રી અર્જુન મુંડાનું કહેવું છે કે ખેડૂતોના પ્રશ્નો પર સરકાર સતર્ક છે. સરકારે ખેડૂત સંગઠનો સાથે વાત કરી છે, પરંતુ કેટલાક મુદ્દાઓ પર સહમતિ સધાઈ છે, જ્યારે અન્ય પર તે પહોંચી શકી નથી. અમે વાતચીત દ્વારા ઉકેલ શોધીશું. અમે આગળની બેઠકો માટે પણ તૈયાર છીએ. ખેડૂતો માટે અમારા દરવાજા ખુલ્લા છે. કેટલાક લોકો ઈચ્છતા નથી કે ઉકેલ મળે. કેટલાક લોકો જાણી જોઈને વાતાવરણ બગાડી રહ્યા છે. હું ખેડૂતોને અપીલ કરું છું કે આવા લોકોથી દૂર રહે. અમારી સરકાર ખેડૂતોના હિત માટે પ્રતિબદ્ધ છે.

કેન્દ્રીય કૃષિ મંત્રીએ કહ્યું કે દરેક મુદ્દાને વાતચીત દ્વારા ઉકેલી શકાય છે. ખેડૂતો અને તેમના સંગઠનોએ પણ સમજવું જોઈએ કે સરકારની પણ પોતાની પદ્ધતિ અને ધોરણો છે. ઘણી બાબતો રાજ્યો સાથે જોડાયેલી છે અને તેમની સાથે પણ ચર્ચા થવી જોઈએ. આ પછી ફરીથી સંગઠનો સાથે ચર્ચા કરવી પડશે. ખેડૂતોએ આ વાત સમજવાની જરૂર છે.

કૃષિ મંત્રી અર્જુન મુંડાએ કહ્યું કે સરકારને માહિતી મળી છે કે કેટલાક લોકો પર્યાવરણને પ્રદૂષિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. હું ખેડૂતોને કહેવા માંગુ છું કે આનાથી બચો. ભારત સરકાર ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા બંધાયેલી છે. કેટલાક મુદ્દાઓ પર સર્વસંમતિ સધાઈ છે. અમે કેટલીક સમસ્યાઓ પર કામ કરવા માટે ઉકેલો શોધી રહ્યા છીએ. જનતાને મુશ્કેલીમાં ન મુકવી જોઈએ, ખેડૂત સંઘે આ સમજવું જોઈએ.

કૃષિ મંત્રી મુંડા કહે છે કે ખેડૂત સંગઠનો જે એમએસપી વિશે વાત કરી રહ્યા છે, તે જોવું જોઈએ કે ૨૦૧૩-૧૪ની સરખામણીમાં ૨૦૨૩ અને ૨૪માં એમએસપી રેટ શું છે. સરકાર પણ ઈચ્છે છે કે ખેડૂતોને તેમની ઉપજના પૂરા ભાવ મળે. એમએસપીના કિસ્સામાં, એવું કહેવું કે બધું તરત જ ઉપલબ્ધ હોવું જોઈએ તે રાજકીય રીતે પ્રેરિત ન હોવું જોઈએ.જોકે ખેડૂતો દિલ્હી કૂચ માટે મકકમ છે.શંભુ બોર્ડર પર સ્થિતિ કાબુ બહાર થઇ ગઇ છે.પોલીસે ખેડૂતોની ધરપકડ પણ કરી છે ખેડૂતોએ ટ્રેકટર વડે સિમેન્ટ બેરિકેટ હટાવવાનો પ્રયાસ કર્યો હતો આથી પોલીસ અને ખેડૂતો વચ્ચે ઝપાઝપી થઇ હતી પોલીસે ટિયર ગેસના સેલ પણ છોડાયા હતાં.

# ઝાલોદ તાલુકા ચાકલીયા પોલીસ મથક પેથાપુર આઉટપોસ્ટના એએસઆઈને ૧૫ હજારની લાંચ લેતા એસીબીએ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લામાં એકજ દિવસમાં બે પોલીસ કર્મચારીઓ જે એએસઆઈનો હોદ્દો ધરાવતાં પોલીસ કર્મચારીઓ એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં દાહોદ જીલ્લા પોલીસ બેડામાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામી છે. વધુ એક બનાવમાં દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલીસ સ્ટેશનના પેથાપુર આઉટ પોસ્ટના એએસઆઈ દાહોદ એસીબી પોલીસના લાંચના છટકામાં રૂા.૧૫,૦૦૦ની લાંચ લેતાં રંગેહાથ ઝડપાઈ જતાં દાહોદ જીલ્લા પોલીસ બેડામાં સ્તબ્ધતા વ્યાપી જવા પામી છે.

દાહોદ જીલ્લામાં એકપછી એક અને તે પણ એકજ દિવસમાં બે એએસઆઈ સહિત એક વોટર મેન (પટાવાળા) મળી કુલ ૦૩ ઈસમો એસીબી પોલીસના ચોંપડે તેઓના નામ લાંચ લેતાં હોવાના ઉલ્લેખ સાથે સામેલ થતાં દાહોદ જીલ્લા પોલીસની કામગીરી પર અનેક સવાલો ઉઠવા પામ્યા છે ત્યારે વધુ આવાજ એક વધુ એક બનાવમાં એક જાગૃત નાગરિક અને તેમના પરિવારના સભ્ય વિરૂદધમાં ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલીસ સ્ટેશન ખાતે અરજી કરવામાં આવી હતી. જે અરજીની તપાસ ચાકલીયા પોલીસ સ્ટેશન પેથાપુર આઉટ પોસ્ટના એએસઆઈ પ્રભુભાઈ સોમાભાઈ સંગાડા કરી રહ્યાં હતાં. આ અરજીના કામે એએસઆઈ પ્રભુભાઈએ જાગૃત નાગરિક અને તેમના પરિવારના સભ્યોના જામીન લેવડાવેલ હોય તે હેતુથી અને અરજીના કામે બંન્ને પક્ષોને સમાધાન કરાવવા માટે એએસઆઈ પ્રભુભાઈએ જાગૃત નાગરિક પાસેથી રૂા.૨૫,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જે જાગૃત નાગરિકે ઓછાવત્તી કરવા કહેતા એએસઆઈએ અંતે રૂા.૨૦,૦૦૦ આપવા જણાવ્યું હતું અને જેતે સમયે એએસઆઈને જાગૃત નાગરિકે મજબુરીમાં રૂા.૫,૦૦૦ આપી દીધાં હતાં અને બાકીના રૂા.૧૫,૦૦૦ની માંગણી એએસઆઈએ જાગૃત નાગરિક પાસે કરતાં આ લાંચની રકમ જાગૃત નાગરિક આપવા માંગતા ન હોવાને કારણે તેઓએ ફરિયાદ જાહેર કરતાં બે રાજ્ય સેવક પંચોની હાજરીમાં જાગૃત નાગરિકની ફરિયાદના આધારે લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાહોદ એસીબી પોલીસના પોલીસ ઈન્સ્પેક્ટર કે.વી. ડિંડોર તથા તેમની ટીમ દ્વારા ચાકલીયા પોલીસ સ્ટેશન આગળ પોલીસ ચોકીમાં લાંચનું છટકું ગોઠવ્યું હતું. જેમાં એએસઆઈ પોલીસ ચોકી રૂમમાં અંદરના ખંડમાં જાગૃત નાગરિક પાસેથી રૂા.૧૫,૦૦૦ની લાંચ લેતાં દાહોદ એસીબી પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયાં હતાં. ઘટનાને પગલે પનઃ એકવાર દાહોદ જીલ્લા પોલીસ બેડમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

આ સંબંધે દાહોદ એસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાકી નીકળતા વેરા ન ભરનાર મિલ્કતદારો સામે કાર્યવાહી કરવાનો સિલસિલો યથાવત

- દાહોદ નગરપાલિકાએ ધી. દાહોદ પીપલ્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીના સીલ મારી.
- પાલિકાના બાકી નીકળતી નવ લાખની રકમ ભરવામાં ગલ્લા તલ્લા કરનાર બેંક ને સીલ મરાઈ.





દાહોદ,

દાહોદ નગરપાલિકાએ શહેરના ગોદીરોડ વિસ્તારમાં આવેલી ધી પીપલ્સ ક્રેડિટ સોસાયટી નામક બેંકનુ લાંબા સમયથી બાકી નીકળતો વેરો ન ભરપાઈ કરતા તંત્રએ આજે બેંકને સીલ મારી હોવાનું જાણવા મળ્યું છે.દાહોદ નગરપાલિકા છેલ્લા કેટલાય દિવસથી શહેરમાં લાંબા સમયથી મિલક્તદારો દ્વારા બાકી નીકળતા ટેક્સની ભરપાઈ કરવામાં ગલ્લા તલ્લા કરતા નગરપાલિકા દ્વારા બાકી નીકળતા વેરાની વારંવાર સૂચના અને ટકોર કર્યા બાદ પણ મિલકતદારો દ્વારા વેરાની ભરપાઈ ન કરતા પાલિકાતંત્ર દ્વારા આખરે લાલ આંખ કરી કાર્યવાહી હાથ ધરવાનો સિલસિલો શરૂ કર્યો હતો. જે આજ દિન સુધી યથાવત રહેવા પામ્યો છે. દાહોદ નગરપાલિકાએ આજરોજ શહેરના ગોદીરોડ વિસ્તારમાં આવેલી ધી પીપલ્સ ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લિમિટેડનું નવ લાખ રૂપિયા જેટલું બાકી નીકળતો વેરો આજ દિન સુધી ભરપાઈ ન કરતા પાલિકાની ટીમે આજરોજ ઉપરોક્ત ક્રેડિટ સોસાયટી બેંકને સિલ મારી દીધી હતી. તો સાથે સાથે આજરોજ બાકી નીકળતા વેરા ન ભરનાર એક મિલકતદારોની મિલકત સિલ કરવા ગયેલી પાલિકા તંત્રે સ્થળ પર જ અંદાજે રૂા.૧.૫ લાખ જેટલી વેરાની વસુલાત સ્થળ પર જ કરતા કેટલીક મિલકતો આજે સીલ મારવાથી બચી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે પાલિકા તંત્ર દ્વારા આ અગાઉ પણ શહેરના જુદા જુદા વિસ્તારોમાં મિલકતો સીલ મારવાનો સિલસિલો યથાવત્ રાખ્યો છે. જેટલા પગલે પાલિકાના સ્વભંડોળમાં લાખ રૂપિયા ની રકમ જમા થઈ છે, તો બીજી તરફ જે લોકોએ આજ દિન સુધી કે નીકળતો વીરો ન ભર્યો હોય તે લોકો પણ હવે સીલ મારવાની બીકે વેરો ભરવા માટે નગરપાલિકા ખાતે લાઈનમાં ઉભેલા જોવા મળી રહ્યા છે.

# દાહોદ માંથી પસાર થતાં ઈન્દોર હાઈવે કઠલા આશ્રમ પાસે એલપીજી ગેસ ટેન્કર પલ્ટી જતાં અફરાતફરીનો માહોલ

દાહોદ,

દાહોદ શહેર માંથી પસાર થતા અમદાવાદ ઈન્દોર હાઈવે કઠલા આશ્રમ પાસે એક એલપીજી ગેસ ભરેલ ટેન્કર પલટી ખાઈ જતા આપણા તકરીનો માહોલ સર્જાયો હતો. ત્યારે સ્થળ પર દોડી ગયેલ સંબંધિત તંત્ર દ્વારા ટેન્કરને ઊભું કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સદ્નસીબે ટેન્કરમાંથી કોઈ જ પ્રકારનું લીકેજ ન થતા તંત્રે હાશકારો લીધો હતો.દાહોદ શહેર માંથી પસાર થતા અમદાવાદ ઈન્દોર હાઈવે કઠલા આશ્રમ પાસે આજરોજ એક એલપીજી ગેસ ટેન્કર અકસ્માતે પલટી ખાઈ ગયું હતું. એલપીજી ગેસ ભરેલ ટેન્કર પલટી ખાતાની સાથે ટેન્કરનો ચાલક ઘટના સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે. ઘટનાની જાણ સ્થાનિક લોકોને થતા આસપાસના લોકો સ્થળ પર દોડી ગયા હતા. આ અંગેની જાણ દાહોદ મામલતદાર સહિતની ટીમને થતા મામલતદાર ની ટીમ દ્વારા પોલીસને સાથે રાખી ઘટના સ્થળ પર દોડી ગઈ હતી. જ્યાં ટેન્કર પલટી ખાઈ જવાને કારણે થોડા સમય માટે એક તરફના હાઈવે માર્ગને બંધ કરી દેવામાં આવ્યું હતું અને ટેન્કરને ઊભું કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે સદનસીબે એલપીજી ગેસ ભરેલ ટેન્કરમાંથી ગેસ લીકિજ ન થતા તંત્રએ હાશકારો લીધો હતો અને થોડા સમયમાં હાઈવે રસ્તાની અવરજવર પુનઃ શરૂ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ ટેન્કરને ઊભું કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. આ એલપીજી ગેસ ભરેલ ટેન્કર દહેજ થી ભોપાલ જઈ રહ્યું હતું. ત્યારે સમગ્ર મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ માણેકચોક પર પેટ્રોલ પંપ બહાર બાઈકમાં આકસ્મિક આગ લાગતાં સ્થાનિક લોકોએ પાણી છાંટીને કાબુ મેળવ્યો

દાહોદ,

દાહોદ શહેરના માણેક ચોક પર એક પેટ્રોલ પંપની બહાર એક મોટરસાઈકલમાં અચાનક આકસ્મીક રીતે આગ ભભુકી ઉઠતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે ઘટનાને પગલે સ્થાનીક લોકોએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

દાહોદ શહેરના હાર્દ સમા વિસ્તાર અને સતત ધમધમતા એવા માણેક ચોક પાસે આવેલ દેસાઈ પેટ્રોલ પંપની સામેથી પસાર થઈ રહેલ માર્ગ પર જાહેર રસ્તા પર એક મોટરસાઈકલમાં અચાનક આકસ્મીક આગ ફાટી નીકળી હતી. પેટ્રોલ પંપની બાજુમાં આવેલ જાહેર રસ્તા પર આગની ઘટનાને પગલે પેટ્રોલના કર્મચારીઓ અને પેટ્રોલ પંપ આવતાં વાહન ચાલકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. પેટ્રોલ પંપ નજીક હોવાને કારણે લોકોના જીવ તાળવે ચોંટી ગયાં હતાં. જેને પગલે આસપાસના લોકો દોડી આવી આગ ઉપર પાણીનો મારો ચલાવ્યો હતો. પેટ્રોલ પંપ સુધી આગ ન પહોંચે તે માટેના તમામ પ્રયાસો કરવામાં આવ્યાં હતાં ત્યારે આખરે આગ ઉપર કાબુ મેળવ્યો હતો. ઘટનાને પગલે સ્થળ પર અફરા તફરીનો માહોલ સર્જાઈ જવા પામ્યો હતો. આ ઘટનામાં સદ્નસીબે કોઈ જાનહાની ન થતાં લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

# આયુષ્માન આરોગ્ય મંદિર આરોગ્યમ પરમધનમ રાબડાલ ખાતે આર.બી.એસ.કે. પ્રોગ્રામ અંતર્ગત કાર્યક્રમ કરવામાં આવ્યો



દાહોદ,

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જેકોટ હસ્તકના આયુષ્માન આરોગ્ય મંદિર આરોગ્યમ પરમ્ ધનમ રાબડાલ ખાતે RBSK પ્રોગ્રામ અંતર્ગત કિશોર કિશોરીઓને આરોગ્ય લગતી માહીતી અપાવમાં આવી. જેમ કે કિશોરી અવસ્થામાં આવતા બાળકોમાં ફેરફાર અવાજ બદલાવો શારીરિક ફેરફાર જલ્દી વ્યસનની લત લાગી જવી તેમજ સમુદાયમાં ફેલાતા જુદા જુદા રોગો જેવા કે ટીબી, લેપ્રશી, મેલેરીયા, ડેન્ગ્યુ, સીકલ સેલ અંગે સમજ અપાવવામાં આવી અને આપણે આવી બીમારીઓથી કઈ રીતે બચી શકીએ તે અંગે સમજ અપાવવામાં આવી તથા કિશોર કિશોરીઓને બેગ બોટલ કંપાસ બોક્સ તો શર્ટ –ટોપી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

# સંજેલી ઈટાડી ગામે રોંગ સાઈડે બાઈક ચલાવી બીજી બાઈકને અથડાતા એક વ્યકિતનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના ઈટાડી ગામે રોડ પર ગતરોજ બપોરના સમયે રોંગ સાઈડમાં પુરપાટ દોડી આવતી સાયકલ સામેથી આવતી મોટર સાયકલ સાથે ધડાકાભેર અથડાતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એકનું સ્થળ પર જ મોત નિપજ્યાનું અને બે જણાને ગંભીર ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે.

એક મોટર સાયકલ ચાલક તેના કબજાની જીજે–૨૦ એલ–૭૭૩૮ નંબરની મોટર સાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હકારી લઈ રોંગ સાઈડમાં લાવી ઈટાડી ગામે રોડ પર સામેથી આવતી સંજેલી તાલુકાના મોલી ગામના નળા ફળિયાના ૨૦ વર્ષીય સુર્યકાંતભાઈ કાંતીભાઈ તાવીયાડની સપ્લેન્ડર મોટર સાયકલ સાથે સામેથી ધડાકાભેર અથડાવતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં સુર્યકાંતભાઈ કાંતીભાઈ તાવીયાડને માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે મોટર સાયકલ પર પાછળ બેઠેલ જયેશભાઈને માથાના ભાગે તથા જમણા પગે તેમજ રોંગ સાઈડમાં આવેલ મોટર સાયકલના ચાલકને પણ ગંભીર ઈજાઓ થતાં બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અકસ્માતની જાણ થતાં જ સ્થળ પર દોડી ગયેલ સંજેલી પોલીસે મરણ જનાર ૨૦ વર્ષીય સુર્યકાંતભાઈ કાંતીભાઈ તાવીયાડની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી લાશને પી.એમ.પાટે. સંજેલી સરકારી દવાખાને મોકલી આપી આ સંદર્ભે ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા પોલીસ મથકે ડીજે સંચાલકો અને સરપંચો સાથે બેઠક યોજાઈ

ફતેપુરા,

ગત તારીખ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૪ અને સોમવારના રોજ ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે ફતેપુરા પોલીસ મથકે ઝાલોદ વિભાગના ડીવાયએસપી ડીઆર પટેલના અધ્યક્ષ સ્થાને અને ફતેપુરા પોલીસ મથકના પીએસઆઇ જે.બી.તડવીની ઉપસ્થિતિમાં ફતેપુરા પોલીસ મથક વિસ્તારના ડીજે સંચાલકો અને સરપંચો સાથે બેઠક યોજવામાં આવી હતી.

હાલમાં સમગ્ર દાહોદ જીલ્લામાં આદિવાસી સમાજમાં લગ્ન પ્રસંગોમાં થતા ખોટા અને મોટા ખર્ચા ઘટાડવા માટે આદિવાસી સમાજના આગેવાનો દ્વારા જાગૃતિ રથ ફેરવીને દાહોદ જીલ્લાના ગામડે ગામડે લોકોને લગ્ન પ્રસંગમાં દહેજ ડીજે અને દારૂ બંધ કરવામાં સમજણ આપવામાં આવી રહી છે. ત્યારે લોકો પણ સમજીને પોતાના ઘરે લગ્ન પ્રસંગોમાં ડીજે નહીં વગાડવા સહિતના વિવિધ નિર્ણયો લેતા થયા છે. ત્યારે આ તમામ બાબતો એ ફતેપુરા તાલુકાના કેટલા ગામોમાં ડીજે બંધ થયું છે તો કેટલા ગામમાં ડીજે ચાલુ છે. જેના પગલે આવા લગ્ન પ્રસંગોમાં ડીજે વગાડવા બાબતે બબાલ થવાના ફતેપુરા પોલીસ મથકે વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. જેના પગલે ફતેપુરા પોલીસ દ્વારા તાબડતોબ ડીવાયએસપીના અધ્યક્ષ સ્થાને આ બેઠક બોલાવવામાં આવી હતી અને ફતેપુરા પોલીસ મથક વિસ્તારના ડીજે સંચાલકો અને સરપંચો સાથે આ બાબતે ચર્ચા અને વિચારણાઓ કરવામાં આવી હતી.તેમજ ઉપસ્થિત ડીજે સંચાલકો અને સરપંચોને ટ્રાફિક જાગૃતિ અને પોસ્કો અંગે પણ સમજ આપવામાં આવી હતી. ત્યારે આ વેળાએ ઉપસ્થિત ડીજે સંચાલકોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા ત્યારે ડીવાયએસપી અને પીએસઆઈ એ આ તમામ પ્રશ્નોના યોગ્ય ઉતરો આપ્યા હતા.તેઓએ જણાવ્યું હતું કે, ફતેપુરા પોલીસ મથક વિસ્તારના જેટલા પણ ગામોમાં ડીજે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, તેટલા ગામોમાં ડીજે સંચાલકોએ ડીજે વગાડવું નહીં તેમજ જેટલા ગામોમાં ડીજે વગાડવા માટે કોઈપણ પ્રકારનો પ્રતિબંધ નથી. તેવા ગામોમાં ડીજે વગાડવા માટે મામલતદારની પરમીશન લઈને ડીજે વગાડવું તેમજ નીતિ નિયમ પ્રમાણે એટલે કે ઓછા અવાજે ડીજે વગાડવું તેમજ રાત્રે દસ વાગ્યા સુધીમાં ડીજે બંધ કરી દેવું તેમ ડીવાયએસપી અને પીએસઆઇ એ ઉપસ્થિત બીજા સંચાલકો અને સરપંચોને જણાવ્યું હતું તેમજ આ બાબતે વિવિધ સુચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું.

# માર્ગ સલામતી કાર્યક્રમ અંતર્ગત આર.ટી.ઓ. કચેરી દાહોદ દ્વારા રેડક્રોસ દાહોદના સહયોગથી યોજાયેલ રકતદાન કેમ્પ



દાહોદ,

રોડ સેફટી કાર્યક્રમ અંતર્ગત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દાહોદ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદના સહયોગથી આર.ટી.ઓ. કચેરી દાહોદ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસર પર એ.આર.ટી.ઓ. કચેરીના અધિકારીઓ, ઈન્સપેકટરો, કમેચારીઓ દ્વારા ઉત્સાહપૂર્વક રકતદાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત જીલ્લા પંચાયત દાહોદ ના માજી પ્રમુખ શીતલબેન વાઘેલા એ પણ રકતદાન આપી માનવસેવાના કાર્યમાં સહભાગી થયા હતા. આ રકતદાન કેમ્પમાં રેડક્રોસ સોસાયટીના ખજાનચી કમલેશ લીમ્બાચીયા, બ્લડ બેકના કન્વિનર એન.કે.પરમાર, કારોબારી સભ્ય મુકન્દભાઈ કાબરાવાલા, એઆરટીઓ સી.ડી.પટેલ, આરટીઓ ઈન્સ્પેક્ટર આર.કે.પરમાર તેમજ સેવાભાવી ડો.નરેશ ચાવડા ઉપસ્થિત રહી રકતદાતાઓની સેવાઓને બીરદાવી હતી. તમામ રક્તદાતાઓને સર્ટિફિકેટ અને ગિફ્ટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા

# દાહોદ જીલ્લામાં રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસની ઉજવણી અંતર્ગત વર્કશોપ યોજાયો

દાહોદ,

દાહોદ જીલ્લામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ઉદય ટીલાવતના અદયક્ષસ્થાને એન.ડી.ડી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા તબીબોને રાષ્ટ્રિય કૃમિ નાશક અંતર્ગત તાલીમ આપવામા આવી અને ૧૫ મી ફેબ્રુઆરી ૨૦૨૪ રાષ્ટ્રિય કૃમિ નાશક દિવસે શાળા અને આંગણવાડીના માદયમથી કૃમિ નાશક દવા નિઃશુલ્ક આપવામાં આવશે. ૧ થી ૫ વર્ષના બાળકોને આ દવા આંગણવાડી પર ખવડાવવામાં આવશે. ૬ થી ૧૯ વર્ષના બાળકોને આ દવા શાળામાં ખવડાવવામાં આવશે. શાળાએ ન જતા અને નોંધાયેલ ન હોય તેવા બાળકોને પણ આંગણવાડી પર આ દવા આપવામાં આવશે. આલબેન્ડાઝોલ

# કો-ઓ બેંકે ચાલ બાજ વ્યકિત સાથે મળી નિર્દોષ વ્યકિત પાસેથી નાંણા પડાવવા કરી યોજના

દાહોદ,

કો–ઓ. બેંકે ગેરરીતી થી આપેલ લોન ના નાંણા પોતાના ખાતેદાર પાસેથી વસુલાત ન થઈ શકે તેવી સ્થિતી ઉભી થતા ગેરરીતી થી આપેલ લોનની વસુલાત કરવા આયોજન બંધ બીજી વ્યકિત પાસેથી નાંણા પડાવી લોન ખાતુ સરભર કરવા ખાતેદાર સાથે મળી એક ગંદી યોજના બનાવી.

વિગત એવી છે કે, વર્ષ ૨૦૧૮ મા શારદાબેન (નામ બદલેલ છે) પાસેથી રાહુલભાઈ (નામ બદલેલ છે) એ એક મકાન રૂા. ૨૫,૦૦,૦૦૦/– માં ખરીદવા રજીસ્ટર્ડ વેચાણ ખત કરી રૂા. ૨,૦૦,૦૦૦/– વેચાણ ખત સમયે ચેકથી ચુકવી આપેલ આ મકાન પ્રાયવેટ બેંકમાં શાનગીરોમાં હોઈ મકાન શાનગીરોમાંથી છોડાવ્યા પછી રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવવાના સમયે બાકી ની રકમ ચુકવવા રજીસ્ટર્ડ વેચાણ ખત થી નકકી થયેલ. પ્રાયવેટ બેંકનુ લોન ખાતુ એન.પી.એ. થયેલ હોઈ તેથી પ્રાયવેટ બેંકે અમદાવાદની કોર્ટમાં રીકવરી માટે સદર મકાન પર કેશ કરેલ તેમજ કોરોના ના તથા અન્ય કારણોસર પ્રાયવેટ બેંકમાથી સદર મકાન છોડાવવામા બે વર્ષ જેવો સમય થઈ ગયો. પ્રાયવેટ બેંકે શારદાબેનની સંમતિ મેળવી, રાહુલ બેંકના બાકી નાણા ભરે તો તેની તરફેણમાં બેંકે દસ્તાવેજ તેમજ અન્ય પેપર્સ સોંપવા રાહુલને પત્ર આપ્યો.

પ્રાઈવેટ બેંકનો પત્ર મળતા રાહુલે મિલકત ની બાકી ચુકવવાની રકમ પેટે પ્રાયવેટ બેંકની બધીજ લોનાના નાંણા ચુકતે કરી શારદાબેન પાસેથી દસ્તાવેજ કરાવેલ તેમજ સીટી સર્વેમા દસ્તાવેજની પાકી નોંધ એપ્રિલ–૨૦૨૧મા કરાવી દીધેલ હતી. બીજી બાજુ શારદાબેનના પતિ બચુભાઈ (નામ બદલેલ છે) એ એક કો–ઓપરેટીવ બેંકમાથી રૂપિયા ૪૦,૦૦,૦૦૦/–ની ખોટી મિલકતો (ભાડે/મોર્ગજ રાખેલ ગોડાઉન/ઓફિસ) તેમજ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– નો ફીઝીકલ સ્ટોક ન હોવા છતા ખોટો સ્ટોક બતાવી કો–ઓપરેટીવ બેંકના અધિકારી/હોદેદારો સાથે મેળાપીપણા કરી યેનકેન પ્રકારે રૂપિયા ૨૫,૦૦,૦૦૦/– ની લોન મેળવી લીધેલ. બચુભાઈની ભાડે રાખેલ મિલકતો સામે શાનગીરો કરી ગેરરીતી થી આપેલ લોનના નાંણા ની વસુલાત ન થઈ શકે તેવી સ્થિતી ઉભી થતા કો–ઓપરેટીવ બેંકે તથા બચુભાઈ એ વર્ષ ૨૦૧૯ મા એક સયુંકત યોજના બનાવી. બચુભાઈના પત્નિ શારદાબેન જે બચુભાઈની લોનમાં જામીન નથી. તેમજ તેઓનુ મકાન પ્રાયવેટ બેકમા શાનગીરો હતું. પરંતુ પ્રાયવેટ બેંકે બોજા નોંધ સીટી સર્વેમાં ન કરાવેલ હોવાથી કો–ઓપરેટીવ બેંકે કોર્ટ માં ખોટી અને અધુરી માહીતી આપી તેમજ પાયાની માહીતી છુપાવી શારદાબેન પોતે કે શારદાબેન ની મિલકત કોઈ પણ રીતે કો–ઓપરેટીવ બેંક માં બોજા મા ન હોવા છતા તેને મિલકતની યાદી મા સામેલ કરી એક તરફી મનાઈ હુકમ મેળવી, યેનકેન પ્રકારે સીટી ની ઓફીસે થી હુકમ પર ઈનવર્ડ કરાવી કો–ઓપરેટીવ બેંકે તથા બચુભાઈએ મનાઈ હુકમની નોંધ ૨૨ માસ સુધી રેકર્ડ પર આવવા ન દીધી. મનાઈ હુકમ ને સમય આવ્યે તેનો ગેરઉપયોગ કરવા ના ઈરાદા સાથે બેંકે દબાવી રાખ્યો. તેમજ ઈરાદા પૂર્વક શારદાબેનની અન્ય મિલકત કે જે તેઓની સ્વતંત્ર માલિકીની તેઓના કબજા ભોગવટામા હોવા છતા કો–ઓપરેટીવ બેંકે મેળાપીપણામા અવલ જપ્તી/મનાઈ હુકમ ની યાદીમાં સામેલ નહી કરી ફકત શારદાબેને જે મિલકતનું વેચાણ ખત કરી આપેલ તે મિલકત ને જ યાદીમા સામેલ કર્યુ.

રાહુલે મિલકતના બાકી રહેતી રકમ કરતા પણ વધુ રકમ પ્રાયવેટ બેંકનાં લોન ખાતામાં ભરપાઈ કરી મિલકત છોડાવી તથા તેજ મિલકતનો દસ્તાવેજ, ટાઈટલ કીલીયરન્શ સર્ટી તથા અન્ય ડોકયુમેન્ટ રજુ કરી બીજી પ્રાઈવેટ બેંકમાં શાનગીરો કરી હાઉસીંગ લોન મેળવી, ત્યાર બાદ બચુભાઈના મિલકત પેટ વધુ રકમ પડાવવાના ઈરાદામાં સાથ આપતી કો. ઓ. બેંકે તથા બચુભાઈએ પોતાની યોજના મુજબ આગળની કાર્યવાહી ચાલુ કરી દબાવી રાખેલો મનાઈ હુકમ બહાર કાઢી રાહુલ ને ધાક ધમકી આપી કે તમે મનાઈ હુકમ ચાલુ હતો ત્યારે દસ્તાવેજ કરાવેલ છે, એટલે તમે બચુભાઈના બાકી નિકળતા લોનની રકમ ભરી દો, અમે જો મનાઈ હુકમ લઈ શકતા હોઈ તો તમારો દસ્તાવેજ પણ કેન્સલ કરાવી શકીએ છીએ અને તમારા ચુકવેલ નાંણા કાકરા સમાન થઈ જશે. રાહુલ બેંકની ધાકધમકીમા ન આવતા સીટીમાં રાહુલની ખરીદીની એન્ટ્રી થયેલ હોવા છતા યેનકેન પ્રકારે ૧૦ મહીના પછી મનાઈ હુકમની એન્ટ્રી કરાવી પ્રોપટ્રી કાર્ડ ખામી યુકત કરાવી દીધેલ છે. રાહુલના કાર્યાલય પર બેંકના બે કર્મચારીઓ અવાર નવાર આવી ધાક ધમકી આપી માનહાની થાઈ તેવા શબ્દોનો ઉપયોગ કરી માનસીક ત્રાસ આપવાનુ ચાલુ કર્યુ. રાહુલે જયારે એમના મનાઈ હુકમ સામે કોર્ટમા થર્ડ પાર્ટી તરીકે અરજી કરી ત્યારે પણ બેંકે ધાક ધમકી ચાલુ રાખી અને કહ્યુ કોર્ટમા ખોટા ખર્ચા કરીને તમારા ચપ્પલ ઘસાય જશે એનાથી સારૂ તમે બચુભાઈ વતી બેંકના બાકી નાણા ભરી દો.

રાહુલની કોર્ટમા અરજી સામે બેંકના લેખિત જવાબમાં વર્ષ ૨૦૧૯મા મનાઈ હુકમ લીધા પછી વર્ષ ૨૦૧૮મા રાહુલે વેચાણ ખત કરાવેલ છે. એટલે કે બેંકના મતે કેલેન્ડરમાં વર્ષ ૨૦૧૮ પહેલા વર્ષ ૨૦૧૯ આવે તેવા ઉડાઉ જવાબ આપી વારંવાર કોર્ટને ગેરમાર્ગે દોરવાના પ્રયાસો કરવામા આવે છે. તેમજ કોર્ટમા રાહુલને થર્ડ પાર્ટી તરીકે ન સાંભળવા કે ન તેમના પુરાવાઓને ધ્યાને લેવા રજુઆતો કરવામા આવે છે.

આ રીતે ગેરરીતી થી લોન આપીને જાહેર જનતાના નાંણા જોખમમા મુકી આ નાણા વસુલ કરવા ગંદી યોજના બનાવીને નાંણા પડાવવામા બેંકને સફળતા મળી જાઈ, તો જે બેંકો મા ભ્રષ્ટાચારીઓના હાથમાં વહીવટ હશે તે બેંકો બચુભાઈ જેવા ચાલબાજ માણસો સાથે મેળાપીપણા કરી આ ઉદાહરણ લઈ જાહેર જનતા ને વાઈટ કાઈમ કરી તકલીફમા મુકશે.

આ રીતે વાઈટ કાઈમ કરવા બદલ આવી બેંક તથા બચુભાઈ જેવા ચાલબાજ માણસ સામે કોર્ટે પણ લાલ આંખ કરી ગંભીર ગુનો ગણી શિક્ષાત્મક તેમજ દંડાત્મક કાર્યવાહી કરવી જોઈએ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal 2From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.146

# માતા પિતાની છત્રછાયા ગુમાવનાર નિરાધાર સંતાનોને ૧૧ વર્ષ બાદ માતાની મમતા મળશે





ગોધરા,
૧૧ વર્ષ થી માતા વિના સુના પડેલા ત્રણ સંતાનોના સંસારમાં માતાની મમતાની મહેંક ફરી એકવાર ફેલાવા જઈ રહી છે. જે સ્વજનો અને સંતાનોએ આ દુનિયામાં ગીતાબેનનું અસ્તિત્વ જ નહીં હોવાનું માની લીધું હતું. એજ ગીતાબેનનું તેના પરિવાર સાથે ૧૧ વર્ષ બાદ મિલન થઈ રહ્યું છે. ગોધરા તાલુકાના ભામૈયા પૂર્વ ગામની વર્ષ ૨૦૨૧૩ માં એટલે કે અગિયાર વર્ષ અગાઉ ગુમ થયેલી મહિલાની ભાળ મળતા ત્રણ નિરાધાર બનેલા સંતાનોમાં ખુશી અને સ્વજનોમાં ખુશી વ્યાપી ગયો છે. માનસિક અસ્થિરતા ધરાવતી મહિલા વર્ષ ૨૦૧૩ માં પોતાના ઘરેથી એક સગા સબધીનાં લગ્ન પ્રસંગમાં માટે કનજીયા ગામમાં ગઈ હતી. ત્યાંથી ગુમ થયા બાદ તેના પરિવારજનોએ વર્ષો સુધી શોધખોળ ના પ્રયત્નો કર્યા હતા તેમ છતાં મહિલાનો કોઈ જ સંપર્ક થઈ શકયો નહોતો કે કોઈપણ સ્થળેથી મળી આવી નથી. જેથી તેના પરિવારજનો એ આખરે કંટાળીને શોધખોળ છોડી દીધી હતી પરંતુ માની મમતા સંતાનો માટે એક ભગવાન સ્વરૂપ સાબિત થઈ હોય એમ જીવિત અવસ્થામાં માતા કલકત્તાના એક મેન્ટલ હોસ્પિટલમાં સારવાર લઈ રહી હોવાની જાણકારી મળી આવી છે. કલકત્તા ખાતેની મેન્ટલ હોસ્પિટલમાં સતત આઠ વર્ષ સુધી કોમા હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલી મહિલા સભાન અવસ્થામાં આવતા હોસ્પિટલના તબીબની પૂછપરછમાં મહિલાએ પોતે ગુજરાત રાજ્યના ગોધરાની હોવાનું જણાવતાં હોસ્પિટલના તબીબે અહીંના પોલીસનો સંપર્ક કરી આખરે પોલીસના માધ્યમથી તેણીના સ્વજનોનો સંપર્ક થયો છે. જોકે દયનિય હાલતમાં જીવન વ્યતિત કરી રહેલા નિરાધાર સંતાનો હાલ કલકત્તા થી પોતાની માતાને ઘરે લાવવા સરકારની મદદ માંગી રહ્યા છે.

ગોધરા તાલુકાના કણજીયા ગામના ગીતાબેન ના લગ્ન સામાજીક રીતરિવાજ મુજબ ભામૈયા પૂર્વ ગામના ભીમસિંહ પટેલ સાથે વર્ષો અગાઉ થયા હતા. તેઓના સુખી દાંપત્ય જીવન વ્યતિત કરી રહેલી આ પરિવારને કુદરતે બે પુત્રો અનેક પુત્રી ની સંતાનો સ્વરૂપે ભેટ આપી હતી. દરમિયાન મહિલા અચાનક માનસિક અસ્થિર થઈ જતાં તેણીની તેના પતિ દ્વારા સારવાર કરવામાં આવી રહી હતી. પરંતુ સારવાર દરમ્યાન ગીતાબેન ની બીમારી વધી રહી હતી. બીજી તરફ વર્ષ ૨૦૧૩ માં ગીતાબેન પોતાના પિયર કણજીયા ગામમાં તેના સગા સબધીનાં એક લગ્ન પ્રસંગમાં ગઈ હતી. ત્યાંથી માનસિક અસ્થિરતા ને લઈ લગ્ન માંથી ઘરે પરત ફરી નહોતા અને ત્યાંતી ક્યાંક ચાલ્યા ગયા હતા. જેથી ચિંતિત બનેલા પરિવારે સતત બે વર્ષ સુધી મહિલાની શોધખોળ આદરી હતી પરંતુ કોઈ જ પત્તો મળી આવ્યો ન હોતો જેથી હારી થાકી શોધખોળ છોડી દીધી હતી. બીજી તરફ સંતાનોના પિતા પણ થોડા વર્ષોમાં મૃત્યુ પામ્યા હતા. આમ, ત્રણેય સંતાનો માતા પિતા વિના નિરાધાર બન્યા હતા. આ ત્રણેય સંતાનોને દાદા દાદી કે મામા મામી પણ નહીં હોવાથી તેઓના અન્ય સ્નેહીજનો દ્વારા ભરણપોષણ માટે મદદ કરવામાં આવતી હતી. એવી જ રીતે સંતાનો હાલ ઉછરીને મોટા થઈ રહ્યા છે, પરંતુ ઘરની પરિસ્થિતિ ખરાબ અને ગરીબ હોવાના કારણે અભ્યાસ છોડી દીધો છે. અને ક્યાંક રોજગાર મળે ત્યારે રોજગાર કરી પોતાનો નિર્વાહ કરી રહ્યા છે. ત્યારે હાલ ૧૧ વર્ષ આગાઉ ગુમ થયેલ ગીતાબેનની ભાળ મળતા સ્વજનો અને બાળકોમાં ખુશી અને આનંદસભર લાગણી વ્યાપી છે તો બીજી તરફ પોતાની માતાને કલકતા થી કેવી રિતે પાછી લાવીએ તેના માટે ચિંતામાં મુકાયા છે.

બીજી તરફ અગિયાર વર્ષ અગાઉ ગુમ થયેલી આ મહિલા છેક કલકત્તા સુધી પહોંચી ગઈ હતી અને દરમિયાન તેણીને એક મેન્ટલ હોસ્પિટલમાં કોઈએ સારવાર માટે ખસેડી હતી. જ્યાં તે અંદાજીત આઠ વર્ષ જેટલા લાંબા સમય સુધી કોમા હાલતમાં હોવાથી પોતાની કોઈપણ વિગત તબીબો સમક્ષ જણાવી શકી નહોતી. ત્યારે અચાનક જ થોડા દિવસ અગાઉ આ મહિલા સભાન અવસ્થામાં આવી હતી. જેથી હોસ્પિટલના તબીબોએ તેની જાણકારી મેળવવાનો પ્રયાસ કરતા તેણે ગુજરાતની હોવાનું જણાવ્યું હતું. વળી આ મહિલા હિન્દી બોલી નહી શકતી હોવાથી હોસ્પિટલના તબીબ દ્વારા પંચમહાલ પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને જે આધારે મહિલા ગોધરા તાલુકાના ભામૈયા પૂર્વ ગામની હોવાનું સામે આવ્યું હતું .ગોધરા પોલીસે ગામના સરપંચ સહિતનો સંપર્ક કરી આ સમગ્ર જાણકારી આપી મહિલાનો સંપર્ક કરી તેના ઘરે લાવવા માટે જાણ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. ભામૈયા પૂર્વ ગામની મહિલાને કલકત્તા થી પરત ઘરે લાવવા માટે તેના ત્રણ સંતાનો સરકાર પાસે મદદની અપેક્ષા વ્યક્ત કરી રહ્યા છે. હાલ ત્રણેય સંતાનો સગીર વય ધરાવતા હોવા ઉપરાંત તેઓ પાસે કોઈ પણ પ્રકારની આર્થિક સ્થિતિ નથી કે તેઓ કલકત્તા એ પોતાની માતાને પરત ઘરે લાવી શકે ત્યારે સરકાર અને સ્થાનિક આગેવાનો પદાધિકારીઓ પણ આ નિરાધાર બનેલા પરિવારના વહારે આવી ત્રણેય સંતાનોનું માતા સાથે મિલન કરાવવા સહભાગી બને એવી હાલ સંતાનો માંગણી કરી રહ્યા છે.

૧૧ વર્ષ અગાઉ ગુમ થયેલી મહિલા સતત બે વર્ષની શોધખોળ બાદ નહીં મળી આવતા તેના સ્વજનો એ કદાચ આ મહિલા મૃત્યુ પામી હશે એવું પણ માની લીધું હતું. બીજી તરફ આ મહિલાના પતિ પણ થોડા વર્ષો બાદ આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે મૃત્યુ પામ્યા હતા જેથી ત્રણ સંતાનો નિરાધાર બન્યા હતા અને હાલ ત્રણેય સંતાનો એક ઝુંપડા જેવા મકાનમાં જીવન વ્યતિત કરી રહ્યા છે. તેઓના અભ્યાસ અને જીવન નિર્વાહ માટે સ્વજનો બનતી મદદ કરી રહ્યા છે, સાથે જ મોટો પુત્ર પણ પોતાના ભાઈ બહેનના ભરણપોષણ માટે મહેનત કરી રહ્યો છે. કલકત્તા ની હોસ્પિટલ ના તબીબે ગુમ થયેલ મહિલા સાથે વિડિઓ કોલ દ્વારા પરિવાર સાથે વાત કરાવતા મહિલાના ત્રણ સંતાનો અને મહિલાના સગાઓમાં ખુશી નો માહોલ જોવા મળ્યો છે. તો બીજી તરફ મહિલાને વહેલી તકે ઘરે લાવવા માટે સરકાર સહાય કરે તેવી માંગ કરી રહ્યા છે.

# હાલોલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચુંટણી પરિણામમાં ૧૦ ઉમેદવાર ભાજપ પેનલના ચુંટાઈ આવ્યા



હાલોલ,
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હાલોલની ગઈકાલે યોજાયેલી ચૂંટણીના આજે પરિણામો જાહેર થયા હતા. ખેડૂત વિભાગના ૧૦ સભ્યો માટે ભાજપ પ્રેરિત તેમજ કોંગ્રેસ પ્રેરિત પેનલોમાં ૧૬ સભ્યોએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં આજે યોજાયેલ મતગણતરીમાં તમામ ૧૦ ઉમેદવારો ભાજપ પ્રેરિત પેનલના ચૂંટાઈ આવતા હાલોલ તાલુકા ભારતીય જનતા પાર્ટીમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

હાલોલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના કાર્યકાળ પૂરો થતા પંચમહાલ જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ દ્વારા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી. જે માટે ભારતીય જનતા પાર્ટી તેમજ કોંગ્રેસ દ્વારા પોતાની પેનલો ઉતારવામાં આવી હતી. ખેડૂત વિભાગના ૧૦ સભ્યો માટે ભાજપ પ્રેરિત પેનલમાં ૧૦ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જ્યારે કોંગ્રેસ પ્રેરિત પેનલમાં ૦૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ઉત્પન્ન બજાર સમિતિ સાથે જોડાયેલા ૧૭૨ સભાસદો પૈકી ૧૬૬ સભાસદોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ગઈકાલે યોજાયેલી મતદાન પ્રક્રિયા દરમિયાન હાલોલ વિધાનસભાના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારે સભાસદ તરીકે મતદાન કર્યું હતું અને આ ચૂંટણીમાં ભાજપના તમામ ૧૦ ઉમેદવારોની જીત થવાની આશા વ્યક્ત કરી હતી.

આજે સવારે સુરક્ષા સાથે પંચમહાલ જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ અને ચૂંટણી અધિકારી જી.વી. ગરાસિયાની ઉપસ્થિતિમાં તમામ ઉમેદવારોની હાજરીમાં બેલેટ પેપર ખોલવામાં આવ્યા હતા અને તમામ સભ્યોને મળેલા મતોની ગણતરી કરવામાં આવી હતી. ૧૭૨માંથી ૧૬૬ સભાસદોએ મતદાન કર્યું હતું.

જાહેર થયેલા પરિણામોમાં વિજેતા મતદારોને મળેલા મતોનીસરેરાશ ધ્યાને લેતા કુલ મતદારોના ૭૪.૪૧% મત અને થયેલા મતદાનના ૭૭% મત ભાજપ પ્રેરિત પેનલને મળ્યા છે. હાલોલ તાલુકામાં મરણ પથારીએ આવી ગયેલી કોંગ્રેસ એપીએમસીની ચૂંટણીમાં તેનો ૨૫% વોટ શેર જાળવી રાખવામાં સફળ રહી છે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ભાજપ પ્રેરિત પેનલના તમામ સભ્યો વિજેતા બનતા તાલુકા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ ખુશીમાં સૌ વિજેતા ઉમેદવારોનું મોઢું મીઠું કરાવી ફૂલહાર પહેરાવી ખુશી વ્યકત કરી હતી. પહેલીવાર ભાજપે એપીએમસી ઉપર સંપૂર્ણ કબજો જમાવ્યો છે.

# કાલોલ તાલુકાના મોકળ પ્રા.શાળાનુ મકાન જર્જરિત થતાં નવા બાંધકામની મંજુરી વગર પંચાયતના સત્તાધિશો દ્વારા પ્રા.શાળાના બાંધકામનુ સ્થળ બદલી નાંખતા ગ્રામજનો દ્વારા કલેકટરને આવેદન આપ્યુ



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ,
કાલોલ તાલુકાના મોકળ ગામની પ્રાથમિક શાળાનુ મકાન જર્જરિત થતાં તોડી નવા બાંધકામ માટે સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. ત્યારે ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી કમ મંત્રી તથા જવાબદાર વ્યકિતઓ દ્વારા પંચાયતમાં ઠરાવ કરીને પ્રાથમિક શાળાની જગ્યાના બાંધકામનુ સ્થળ બદલવામાં આવતા મોકળ ગ્રામના ગ્રામજનો દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરને આવેદન આપી ગામમાં આવેલ પ્રાથમિક શાળાના સ્થળ નવુ બાંધકામ થાય તેવી માંગ સાથે રજુઆત કરવામાં આવી હતી.

કાલોલ તાલુકાના મોકળ ગામની પ્રાથમિક શાળાનુ મકાન જર્જરિત થતાં આ મકાન તોડીને નવા બાંધકામ માટે સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી છે ત્યારે ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી કમ મંત્રી અને જવાબદારો દ્વારા ગેર વ્યાજબી ઠરાવ કરીને પ્રાથમિક શાળાના જુના સ્થળની જગ્યાએ શાળાના બિલ્ડિંગનુ બાંધકામ કરવાના સ્થાને સ્થળ બદલવામાં આવ્યુ છે. હાલ નવી જગ્યાએ પ્રાથમિક શાળાનુ બાંધકામ કરવાના ઠરાવ કરવામાં આવ્યો છે જે સ્થળની બાજુમાં મેશરી નદીનો ચેકડેમ તેમજ નજીકમાં તમામ જાતિના સ્મશાન ગૃહ તથા કોતરો આવેલ હોય નદીના કિનારા પર અસામાજીક તત્વો જુગાર રમતા હોય આમ અસામાજીક પ્રવૃત્તિ ચાલતી હોય જેને લઈ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો કુસંસ્કાર ચિંતન થાય તેમ છે. હાલ મોકળ ગામમાં આવેલ પ્રાથમિક શાળા ગામની મધ્યમાં આવેલ હોય જેથી બાળકોને શાળામાં આવવા-જવામાં સ્કુલ અનુકુળ છે તેમ છતાં પંચાયતના સરપંચ અને તલાટી દ્વારા મનસ્વી રીતે પ્રાથમિક શાળાના નવા બાંધકામની જગ્યા બદલવામાં આવી હોય જેને લઈ મોકળ ગામના ગ્રામજનો દ્વારા પંચમહાલ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને મોકળ પ્રાથમિક શાળાનુ નવુ બાંધકામને સ્થળે થાય તેવી માંગ કરી છે. જો સ્થળ બદલવામાં આવશે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# ગોધરા તાલુકાના ચંચેલાવ ગામે ઈલેકટ્રીક દુકાન અને ભારત માલા હાઈવે સાઈટ પર ચોરી કરનાર ત્રણ ઈસમોને એલ.સી.બી.એ ઝડપ્યા

ગોધરા,
પંચમહાલ એલસીબી પોલીસે સામલી ફોરેસ્ટ ચેકપોસ્ટ પાસે ત્રણ ઈસમોને ચોરીની મોટર અને સૅન્ટિંગ પ્લેટ સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા ચંચેલાવ ગામે આવેલી ઈલેક્ટ્રીક અને ભારતમાલા હાઈવે સાઈટ પર થયેલી ચોરીઓના ભેદ ખૂલ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ પંચમહાલ એલસીબી પોલીસ કોન્સ્ટેબલ અલ્પેશ રબારીને બાતમી મળી હતી કે થોડા સમય અગાઉ ગોધરા તાલુકાના ચંચેલાવ ગામે આવેલી ઈલેક્ટ્રીક મોટરની દુકાનમાં ચોરી થઈ હતી. તેમજ ગોધરા તાલુકાના કંકુ થાંભલા ગામે આવેલ ભારતમાલા પ્રોજેક્ટ હાઈવેની સાઈટના પુલ પાસે સેન્ટિંગ પ્લેટની ચોરી થઈ હતી. આ ચોરીનો મુદ્દામાલ એક કારમાં ભરીને કેટલાક ઈસમો સામલી ગામના જંગલ તરફ કેટલાક ઈસમો આવી રહ્યા છે. જે ચોક્કસ બાતમીના આધારે એલસીબી પોલીસે સામલી ગામ નજીક આવેલ ફોરેસ્ટ ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી હતી. વોચ દરમ્યાન બાતમી મુજબની કાર આવતા પોલીસે તેને અટકાવી હતી અને બે ઈસમોની અટકાયત કરી હતી. પોલીસ દ્વારા તેઓના નામઠામ પૂછતાં તેઓએ પોતાના નામ સલીમ ઉર્ફે દુલ્લો હસન કલા અને હુસેન ફારૂક અસલા ઉર્ફે લાભરો જણાવ્યું હતું, પકડાયેલા ઈસમો પાસેથી પોલીસને લોખંડની નાનીમોટી સેન્ટિંગ પ્લેટ, જૂની સભમર્સીબલ ચાર મોટર, ૬ જેટલા સભમર્સીબલ પંપ, કોપર વાયરનો જથ્થો સહિતનો સામાન મળી આવ્યો હતો. આમ, પોલીસે કાર સહિત કુલ રૂ ૨.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આમ, એલસીબી પોલીસે બે જેટલી ઘરફોડ ચોરીઓના ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

# મોરવા(હ)ના દેલોચ ગામે પ્લેટીના બાઈકને ટકકર મારી બાઈક ચાલકને ઈજાઓ પહોંચાડી મોત ની પજાવ્યુ

મોરવા(હ)તાલુકાના દેલોચ ગામે પેટ્રોલપંપ નજીકથી પ્લેટીના બાઈક ઉપર દેલોચ સીમાડાથી મોરા તરફ આવી રહ્યા હતા ત્યારે આરોપી બાઈક ચાલકે રોંગ સાઈડે બાઈક હંકારી લામવી પ્લેટીના બાઈકને ટકકર મારતા બાઈક ચાલક અને પાછળ બેઠેલ યુવતી રોડ ઉપર ફેંકાઈ જતાં ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડતા મોત નીપજાવી તેમજ યુવતીને ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ મોરવા(હ)પોલીસે મથકે નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોરવા(હ)તાલુકાના દેલોચ ગામે પેટ્રોલપંપ નજીકથી પ્લેટીના બાઈક નં.-જીજે-૧૭-એજી-૨૬૯૭ લઈને બળવંતભાઈ સાકળભાઈ નાયકા(ઉ.વ.૪૦)અને બાઈક પાછળ વર્ષાબેન (ઉ.વ.૧૮)ને બેસાડીને દેલોચ સીમાડાથી મોટા તરફ આવી રહ્યા હતા ત્યારે આરોપી બાઈક નં.-જીજે-૧૭-સીએફ-૪૨૬૭ના ચાલકે પોતાનુ બાઈક રોંગ સાઈડે પુરઝડપે હંકારી લાવી બળવંતભાઈની પ્લેટીના બાઈકને અથડાવી દઈ અકસ્માત કર્યો હતો. જેને લઈ પ્લેટીના બાઈકના ચાલક બળવંતભાઈ નાયકા અને વર્ષાબેન બાઈક ઉપરથી રોડ ઉપર પટકાયા હતા. જેમાં બળવંતભાઈને માથાના ભાગે તેમજ સાથળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નીપજયું હતુ. જયારે વર્ષાબેનને ઓછી વત્તી ઈજાઓ થતાં ગુનો કરનાર આરોપી બાઈક ચાલક વિરુદ્ધ મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

## ગુજરાત અને પંચમહાલ જીલ્લાનું ગૌરવ,

# પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ખોજલવાસાના રહેવાસી અને ભારતીય સેનામાં નાયબ સુબેદારસંજયકુમાર શોર્ય ચક્રથી સન્માનિત



ગોધરા,
પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ મહામહિમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૮૦ સૈનિકોને વીરતા પુરસ્કારોની જાહેરાત કરી હતી. રાષ્ટ્રપતિ ભવન તરફથી જે ૮૦ સૈનિકોને વીરતા પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમાંથી ૬ વીર જવાનોને કીર્તિ ચક્ર તથા ૧૬ બહાદુર જવાનોને શૌર્ય ચક્ર આપવામાં આવ્યા છે. ૫૩ જવાનોને સેના મેડલ એનાયત કરવામાં આવ્યો છે. એક સૈનિકને નેવી મેડલ અને ૪ એરફોર્સ મેડલ એનાયત કરવામાં આવ્યા છે.

વાત કરીએ શૌર્ય ચકની તો આ પુરસ્કાર ભારત સરકાર દ્વારા એનાયત કરવામાં આવતો યુદ્ધના સમય માટેનો એક ઉચ્ચ વીરતા પુરસ્કાર છે. આ સન્માન સૈનિકો અને અસૈનિકો પૈકી ફરજ દરમિયાન બતાવેલી અસાધારણ વીરતા અથવા બહાદુરી, શૂરવીરતા અથવા બલિદાન માટે એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર યુદ્ધના સમયે ભારતીય સેનાના સૈનિકોને ફરજ પર બતાવેલી અપ્રતિમ બહાદુરી અને વીરતા માટે આપવામાં આવતા ઊચ્ચ સન્માન કીર્તિ ચક્ર પુરસ્કાર પછીના સૌથી ઉચ્ચ દરજ્જાનો તથા મહત્વનો પુરસ્કાર ગણાય છે.

ચાલુ વર્ષે શોર્ય ચક્ર મેળવનાર એક ગુજરાતી જવાન કે જેઓ પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના ખોજલવાસાના રહેવાસી છે અને હાલ ભારતીય સેનાની ૨૧ મહાર રેજીમેન્ટમાં નાયબ સુબેદાર તરીકે ફરજ બજાવે છે. આ નાબય સુબેદાર બારીયા સંજયકુમાર ભમરસિંહ દ્વારા જમ્મુ કાશ્મીરના કુપવાડા સેકટર ખાતે સેનાની ગુપ્ત માહિતીના આધારે તેઓની ટુકડી દ્વારા આતંકવાદીઓની ગતિવિધિ રોકવા સતત ૧૨ દિવસ ચાલેલા સૈન્ય ઓપરેશનમાં આતંકવાદી સાથેની સીધી મુઠભેડમાં આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો.નાયબ સુબેદાર બારીયા સંજયકુમાર ભમરસિંહના આ અદમ્ય સાહસ અને શૌર્યના કારણે તા. ૨૬/ ૦૧/૨૦૨૪ના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે તેઓને શૌર્ય ચક્રથી સમ્માનિત કરવામાં આવ્યા છે.

દેશ અને પંચમહાલ જીલ્લાના ગૌરવ સમાન ભારતીય સેનામાં ફરજ બજાવતા નાયબ સુબેદાર સંજય કુમાર બારીયાને પંચમહાલ જીલ્લા કલેકટર તથા જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી આશિષ કુમારે તેમને રૂબરૂ મળીનેઅદમ્ય સાહસ અને ગૌરવ બદલ દેશનું અને જીલ્લાનું ગૌરવ વધારવા બદલ જીલ્લા વહીવટી તંત્ર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

# કચ્છમાં કોમર્સ કોલેજ ગોધરાનું નામ ગુંજતું કરતી એન.સી.સી.ની બહેનો

ગોધરા.
એનસીસીનું વલ્લભ વિદ્યાનગર ગ્રુપ અને ૩૦ એનસીસી ગુજરાત બટાલિયન ગોધરા તેમજ સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાની એનસીસીની બે બહેનોએ કચ્છના કેરા ગામમાં આયોજીત એનસીસી શિબિરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટદેખાવ કરી કચ્છમાં કોમર્સ કોલેજ ગોધરાનું નામ ગુંજતો કરી મૂક્યું હતું. કોમર્સ કોલેજ ગોધરાની એનસીસી કેડેટ કુ. માનસી વાઘેલાને કેમ્પના લીડર તરીકે સીઆએ કેપ આપી સન્માન કર્યું હતું. જ્યારે કુ. પ્રિયંકા ઠાકોર અને માનસી વાઘેલાએ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ભાગ લઈ કોમર્સ કોલેજ ગોધરાને ગૌરવ અપાવ્યું હતું. એટલું જ નહીં કુ. પ્રિયંકા ઠાકોરે મ્યુઝિકલ ચેર તથા ગ્રુપ ડાન્સમાં ભાગ લઈ દ્વિતીય ક્રમાંક મેળવી ટ્રોફી મેળવી હતી. કુ. માનસી વાઘેલા અને કુમારી પ્રિયંકા ઠાકોરને એનસીસી તરફથી સર્ટિફિકેટ, મેડલ તથા ટ્રોફી મળતા તેઓએ કોલેજને ગૌરવ અપાવ્યું છે. ત્યારે કોલેજના પ્રિન્સિપાલ તથા સ્ટાફે તેનું સન્માન કર્યું હતું અને આવી સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ ગોપાલસિંહ સોલંકી, સેકેટરી કુ. કામિનીબેન ગોપાલસિંહ સોલંકી તથા સમગ્ર સ્ટાફે બંને દીકરીઓને શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, આ બંને દીકરીઓને તૈયાર કરવામાં શેઠ પીટી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના એનસીસી ઓફિસર જે.વી.જોગરાણાનો ખૂબ જ સહકાર સાંપડયો છે. તેમ પ્રોફેસર ડો. અરૂણસિંહ સોલંકીએ જણાવ્યું હતું.